શ્રી ૧।
ૐ
અપેક્ષા કેવળ સત્યને પામવાની.........

# દક્ષ દ્રષ્ટી

સમસ્ત બ્રહ્મ સમાજનું માનિતુ માસિક
Email : daksh_drasti@rediffmail.com
R.N.I. NO. GUJGUJ/2007/21258
Post.Reg.No : G - KDA - 71 / 07 - 09
DAKSH DRASTI




વર્ષ : ૪ અંક : ૧ સળંગ અંક - ૩૭ તારીખ ૫/૪/૨૦૧૦ સોમવાર ચૈત્રવદ - ૭ સંવત ૨૦૬૬ કિંમત રૂા.૧૦/- પાન : ૮
Year : 4, No-1, Sr.Vol.No-37 Date : 5/4/2010 Monday Price Rs.10/- Page : 8

## તંત્રી લેખ

### જીવન લક્ષ્ય

મીત્રો,

આપણને રોજ ઘણા માણસ મળતા હોય છે. એમાંના મોટા ભાગનાને આપણે ભૂલી જઈએ છીએ, જ્યારે અમુક જણ યાદ રહી જાય છે; કારણ કે એમના વ્યક્તિત્વે આપણા ઉપર કોઇક નોંધપાત્ર મુદ્દા અંકિત કરી હોય છે. જ્યારે મોટા ભાગનાની પાસે આવી કોઇ જ વિશેષતા ન હોવાથી, માનવજાતના સિંધુમાં એક નગણ્ય અને તુચ્છ બિંદુ બનીને એ ગમે તેમ અથડાયા કરતા હોય છે.

તમે જાણો છો કે એવા માણસો કશો જ પ્રભાવ પાડી શકતા નથી. જ્યારે બીજા થોડાક પ્રભાવશાળી વ્યક્તિત્વના સ્વામી હોય છે.થોડાક વ્યક્તિત્વ એટલે બનાવટી વ્યક્તિત્વ નહિ જ.

આ એક આગવો વિષય હોઇ, વ્યક્તિત્વ ઘડવું જોઈએ એટલી જ વાત કરીને આપણે એના થોડા પાસા આગળ તપાસીએ.

જીવન ઘડતર અને વ્યક્તિત્વ-વિકાસનો એક ખૂબજ મહત્વનો મુદ્દો છે. આપણી સર્જનશીલતા આપણને સહુને શિલ્પકામ કલાકારીગરી, સંગીત, નૃત્ય કે સાહિત્ય સર્જન ફાવે એ શક્ય નથી. ને જરૂરી પણ નથી. પણ જે ક્ષેત્રમાં કામ કરતા હોઈએ એમાં કલ્પના દોડાવીને કોઇને કોઇ બાબતમાં કંઇક નવી પદ્ધતિ, રીતિ, યોજના કે સાધન શોધવામાં મનનો ઉપયોગ કરતા શીખવું જોઈએ. એનાથી આત્મસંતોષ મળે છે. અસ્મિતા પોષાય છે અને સર્જનશક્તિ ખીલી ઉઠે છે.

ટૂંકમાં આપણી અંદર જે શક્તિઓ સુષુપ્તાવસ્થામાં પડી છે એમને જગાડીને ઉપયોગમાં લેતા આવડવું જોઈએ. એક વાત બરાબર યાદ રાખવા જેવી છે કે મૂળભૂત રીતે જગતમાં કોઈજ વ્યક્તિને વધારે કે ઓછી શક્તિઓ આપવામાં આવી નથી. વાતાવરણને લીધે, કોઈની પ્રેરણાથી કે પોતાની મહેનતથી માણસ એ શક્તિઓને જગાડીને કેટલે અંશે ઉપયોગમાં લે છે એ જ વધારે મહત્વનું છે.

પોતાની અંદર રહેલા નેતૃત્વના ગુણોને વિકસાવવા એ પણ જીવનઘડતરનો એક ભાગ છે. એ જરા મુશ્કેલીથી મનમાં ઉતરે એવી વાત છે. વિચાર,સંકલ્પ,આયોજન, ઉત્સાહ, નિષ્ઠા,ધીરજ, દ્રઢતા, સ્વસ્થતા એ બધા નેતૃત્વના ગુણ ગણાય છે. નેતા બનવા માટે

અનુસંધાન પાન (૨) પર

## બ્રહ્મસેના દ્વારા ૧૦૦૮ યજ્ઞોપવિત અને બ્રહ્મ મહાકુંભ ના આયોજન માટે રાજયકક્ષાના પ્રતિનિધીઓની પ્રથમ બેઠક સફળતા પૂર્વક સંપન્ન




ઉપરોક્ત તસવીરમાં મંચસ્થ સૌ મહાનુભાવો સાથે નીચેની તસવીરમાં પ્રસંગોચિત્ત પોતાનું વક્તવ્ય રજુ કરી રહેલ ડાબેથી શ્રી મોહન ઝા(અમદાવાદ પોલીસ કમીશ્નર), શ્રી અમીતભાઇ ઠાકર (ભાજપ રાષ્ટ્રીય સદસ્ય), આદરણીય શ્રી ચૈતન્યશંભુ મહારાજ અને બ્રહ્મસેના ના અધ્યક્ષ શ્રી ભાવેશભાઈ રાજયગુરૂ તેમજ રાજયભરમાંથી પધારેલ બ્રહ્મ સમાજના અગ્રણીઓ દ્રષ્ટિગોચર થાય છે.

તા.૨૧/૩/૨૦૧૦ ને રવિવારના રોજ આગામી તા.તા.૨૨/૨૩-૫-૨૦૧૦ ના રોજ યોજાનાર ઉપરોક્ત પ્રસંગ નિમિત્તે ગુજરાતના દરેક જીલ્લા અને તાલુકામાંથી રાજયકક્ષાના પ્રતિનિધિઓની એક બેઠક અમદાવાદ ખાતે સંત શ્રી ચૈતન્યશંભુ મહારાજ ના પ્રમુખ પદે યોજવામાં આવી હતી.

જેમાં ગુજરાત ભરમાંથી આશરે ૪૦૦ બ્રહ્મ સમાજના અગ્રણીઓ તેમજ વિવિધ સામાજીક સંસ્થાઓ સાથે સંકળાયેલા અને બ્રહ્મ સેના સંગઠનમાં રાજયકક્ષાના પ્રતિનિધી તરીકે નિમણુંક પામેલ પ્રતિનિધિઓએ હાજર રહી ઉપરોક્ત પ્રસંગની સફળતા માટે પોતાના સુચનો રજુ કર્યા હતા અને મહત્વના નિર્ણયો પણ લેવામાં આવ્યા હતા.

આમંત્રીત વિશિષ્ટ મહેમાનો માં અમદાવાદ પોલીસ કમીશ્નર શ્રી મોહન ઝા સાહેબે જણાવ્યું કે બ્રહ્મ સેના દ્વારા થતી પ્રવૃત્તિ સાચા અર્થમાં બ્રાહ્મણ ઉપયોગી છે. ભાવનગરના આ કાર્યક્રમમાં સૌ સાથે મળીને કાર્ય કરે તો વિરાટ બ્રહ્મ શક્તિના દર્શન આપણે કરાવી શકીશું.

નિવૃત્ત ડી.આઇ.જી. શ્રી જાની સાહેબ તથા ગુજરાત નાણાવટી પંચના સ્પેશ્યલ સરકારી વકીલ શ્રી અરવિંદભાઇ પંડ્યા એ ભાવનગરના આ પ્રસંગને સફળ બનાવવા આજથી જ સૌએ કાર્યરત થવું જોઈએ અને પોતાના સુચનોની સાથે કાર્ય કરી શકે તેવી શક્તિશાળી ટીમ ઉભી કરવાનો અનુરોધ કર્યો હતો.

ભારતીય જનતાપાર્ટીના રાષ્ટ્રીય સદસ્ય શ્રી અમીતભાઇ ઠાકરે બ્રહ્મસેના દ્વારા આયોજીત આ ભગીરથ કાર્ય માટે તન-મન-ધન થી સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. અને રાજ્યમાં જ્યારે પ્રથમ વાર ત્રણ લાખ બ્રાહ્મણ એકત્ર થવાના છે. તેનો સર્વે બ્રાહ્મણોને ગર્વ હોવો જોઈએ અને મારાથી જેટલો પણ સહયોગ આપી શકાશે તે આપવા હું કટીબધ્ધ છું. તેઓએ બ્રહ્મ સેનાની પ્રસંશા કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં પ્રથમવાર કોઇ સંગઠન બ્રાહ્મણો માટે નવી વાત લઈને આવ્યું છે તેને હૃદયથી આવકારું છું.

જાણીતા જ્યોતિષી શ્રી ધનશ્યામભાઇ રાજયગુરૂએ પણ ભાવનગરમાં યોજાનાર બ્રહ્મ ચોર્યાસી વિશે જણાવી જનોઈ નું મહત્વ વિગતવાર સમજાવ્યું હતું.

સમારંભના પ્રમુખસ્થાને થી બોલતા શ્રી ચૈતન્યશંભુ મહારાજશ્રી એ જણાવ્યું હતું કે, સમાજને ખરેખર એક નવા સંગઠન અને નવા નેતૃત્વની જરૂરીયાત હતી તે શ્રી ભાવેશભાઇ રાજયગુરૂ દ્વારા સ્થાપવામાં આવેલ બ્રહ્મસેના દ્વારા પૂરી થશે તેમજ બ્રહ્મ સેનાએ છેલ્લા એક વર્ષમાં બ્રાહ્મણોના સંગઠનમાં એક નવો પ્રાણ પૂર્યો છે જે આવકાર દાયક છે. તેમણે વધુમાં જણાવતા કહ્યું કે કોઈને મદદ ન કરી શકો તો કાંઇ નહી પરંતુ નડવાનું નિમિત્ત તો ન જ બનશો. બ્રહ્મ સેના મને એક સામાન્ય કાર્યકર તરીકે કાર્ય સોંપશે તે પણ કરવા હું તત્પર રહીશ.

આણંદના ડી.વાય.એસ.પી. શ્રી પાઠક સાહેબે જણાવ્યું હતું કે બ્રાહ્મણ વડીલોએ અહંમ્ છોડી સમાજનું નેતૃત્વ હવે યુવાનોના હાથમાં સોંપવું અત્યંત આવશ્યક છે. જ્ઞાતિ માટે સૌ એ શું સહયોગ આપ્યો તે વિચારવું જરૂરી છે. અને ઇશ્વર કૃપાથી પ્રાપ્ત થયેલ શક્તિ અને લક્ષ્મી નો બ્રહ્મ સમાજના વિકાસ માટે ઉપયોગ કરીશું તો જ સાચા અર્થમાં આગળ વધી શકીશું.

ઉપરોક્ત પ્રસંગે બ્રહ્મ સેનાના સ્થાપક અને અધ્યક્ષ શ્રી ભાવેશભાઇ રાજયગુરૂએ સંસ્થાની આગામી પ્રવૃત્તિઓ અને ઉદ્દેશો વિશે તર્કબધ્ધ માહિતી આપી હતી. અને બ્રહ્મ સમાજના આ મહાકુંભમાં યોગદાન આપવા દેશ વિદેશથી પણ બ્રહ્મ પરીવારો પધારી રહ્યા છે ત્યારે ગુજરાતના સમગ્ર બ્રાહ્મણ સમાજને ગૌરવ સાથે બ્રહ્મ સેના માં જોડાઇ પ્રસંગને દિપાવવા આવાહ્ન આપ્યું હતું.

ઉપરોક્ત સભામાં વિવિધ ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા થકી નામના મેળવનાર બ્રહ્મબંધુઓ પણ હાજર રહ્યા હતા. જેમાં પ્રથમ ઇન્ટરનેશનલ કાર રેલી ચેમ્પિયન તેમજ વિશ્વના સૌથી ઝડપી કાર ચાલક અને (છ વખત ) હિમાલયન કાર રેલીમાં ભાગ લેનાર **શ્રી ભરત દવે** અને અનેક ગુજરાતી ટી.વી. ચેનલો પર હાસ્યના પ્રોગ્રામો રજુ કરનાર ખ્યાતનામ હાસ્યકાર **શ્રી જગદીશ ત્રિવેદી** અને છેલ્લા ત્રીસ વર્ષથી વન્ય પર્યાવરણ અને સિંહ ઉપર અનેક સંશોધનાત્મક પુસ્તકો અને નૃત્ય નાટીકા રજુ કરનાર **શ્રી રમેશભાઈ બી.રાવલ (સિંહ)** પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરોક્ત પ્રસંગ નિમિત્તે સંસ્થાના સ્થાપક શ્રી ભાવેશભાઇ રાજયગુરૂ દ્વારા દક્ષ દ્રષ્ટિ પરીવારને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું જે થકી તંત્રી શ્રી મનોજભાઇ જોષીએ હાજર રહી શુભેચ્છા આપી પોતાનો પૂર્ણ સહયોગ આપવા જણાવ્યું હતું.

– " દક્ષ દ્રષ્ટી "

## ।। શ્રી ગણેશાય નમઃ ।।

## માસિક રાશી ભવિષ્ય

## (તા.૧/૪/૧૦ થી ૩૦/૪/૧૦)

**(૧) મેષ રાશિ : (અ.લ.ઇ.)**

આ સમયમાં તમારી આર્થિક મુંઝવણનો સારો ઉકેલ શોધી શકશો. મકાન-જમીન કે કૌટુંબીક સંપત્તિના પ્રશ્નો હલ થાય. સંતાનની તબિયત સાચવજો નોકરી-ધંધાના ક્ષેત્રે સારી તક મળે તે ઝડપી લેજો પ્રવાસ અંગે ખર્ચ રહે પ્રિયજન થી મિલન થાય.

**(૨) વૃષભ રાશિ : (બ.વ.ઉ.)**

આ સમયમાં અંગત સમસ્યાઓનો ઉકેલ મળશે. ઉઘરાણીના કામકાજો પતાવી શકાશે. આરોગ્ય સાચવવાની સલાહ છે. અહી અગત્યની મુલાકાત સફળ થતી જણાય. નવા કાર્યો સફળ થતા જણાય.

**(૩) મિથુન રાશિ : (ક.છ.ઘ.)**

આ સમય માં આપને કેટલીક સાનુકુળ તેમજ પ્રગતિકારક તકો મળશે. ધાર્યા કામ પૂરા કરી શકશો. આવકમાં વધારો થાય. ખર્ચના ખાડામાં તણાઇ ન જવાય તેનું ધ્યાન રાખજો. અભ્યાસમાં સારુ રહે. સંતાનોના કામમાં સાનુકુળતા જણાય. પ્રવાસ અંગે ધાર્યુ ન થાય.

**(૪) કર્ક રાશિ : (ડ.હ.)**

બેચેની કે નિરાશા દૂર થતા આનંદ અનુભવી શકશો. નાણાભીડ - મુશ્કેલીમાંથી બહાર નીકળી શકશો. આવક વૃધ્ધિનો યોગ છે. જમીન મકાનને લગતા કામ માટે પ્રતિકુળ સંજોગો. શત્રુ વિઘ્ન જણાશે. સ્નેહી - મિત્રો ઉપયોગી બને. નવી મુલાકાતથી સાનુકુળતા રહે.

**(૫) સિંહ રાશિ : (મ.ટ.)**

આ સમયમાં તમારી માનસિક સ્વસ્થતા જાળવી શકશો. આશા અને ઉત્સાહના પ્રસંગો આવશે. નાણાંકીય પરિસ્થિતિ આ સમયમાં પુરતી તંગ જણાશે. તેથી સમજીને ખર્ચ કે નાણાનું રોકાણ કરવું પડે. કૌટુંબીક કાર્યો સફળ બનાવી શકશો. દાંપત્યની બાબત અંગે વાતાવરણ સાનુકુળ બનશે. નોકરી-ધંધાની બાબતોમાં વિલંબ વિઘ્નોના કારણે અસંતોષ વધે. સ્વાસ્થ્ય જળવાઇ રહે.

**(૬) કન્યા રાશિ : (પ.ઠ.ણ.)**

આ સમય તમારા માટે ઉન્નતિકારક સમય જણાય છે. મિત્રો સ્નેહીથી મિલન મુલાકાત થાય. પ્રવાસ પર્યટન અંગે ખર્ચ રહે. કૌટુંબીક કાર્યમાં સફળતા મળે.

**(૭) તુલા રાશિ : (ર.ત.)**

આ સમયમાં આપની લાગણીઓ પર સંયમ રાખજો. કોઇ મોટા લાભની આશામાં પલટાવ આર્થિક સમસ્યાનો હલ મળે, પ્રવાસ પર્યટન તથા કૌટુંબીક કાર્ય સફળ બને. સંતાનની તબિયત સાચવજો.

**(૮) વૃશ્ચિક રાશિ : (ન.ય.)**

આપની મહત્વની કામગીરીમાં પ્રગતિ થતા માનસિક રાહત થાય. આવક કરતા જાવક વધે. નોકરીયાતને કામકાજમાં સફળતા મળે. વિરોધીથી સાવધ રહેવું. ગૃહજીવનમાં મતભેદ રહે.

**(૯) ધન રાશિ : (ભ.ધ.દ.ઢ.)**

આ સમયમાં તમારા નાણાકીય કામકાજો ઉકેલાશે. અહી નવીન મુલાકાત લાભદાયી થાય. ધંધા-નોકરીના ક્ષેત્રે તમારા પ્રયત્નોને સફળતાઓ સાંપડે, આરોગ્ય સાચવી શકશો. કૌટુંબીક કાર્યમાં સાનુકુળતા રહે.

**(૧૦) મકર રાશિ : (જ.ખ.)**

અહી તમારા મનની બેચેની અને અકળામણ વધારે રહે. તમારૂ ધાર્યુ ન થતા નિરાશા રહે. આપની નાણાકીય સ્થિતિ વધુ પડતા ખર્ચના કારણે ગુંચવાતી રહે. જમીન-મકાન વાહન અંગે ધાર્યુ ન થાય. જ્યારે નોકરીના ક્ષેત્રે વિરોધીના કારણે લાભ રહે.

**(૧૧) કુંભ રાશિ :(ગ.સ.શ.ષ.)**

તમારી ધારેલી યોજનાઓમાં વિલંબ - વિઘ્નો આવે તેથી ધાર્યા લાભ મળે નહિ. ઉઘરાણી આવકમાં પણ પ્રતિકુળતા રહે. મકાન-મિલ્કત બાબત ચિંતા રહે. કૌટુંબીક સમસ્યા ઘેરી બનશે.

**(૧૨) મીન રાશિ : (દ.ચ.ઝ.થ.)**

આ સમય વ્યર્થ પુરવાર થતો જણાય. નવા અનેક પ્રશ્નો રહે. ધંધા તેમજ કૌટુંબીક કાર્ય અંગે ચિંતા રહે. નાણાકીય ખર્ચ વધતા જણાશે. કૌટુંબીક પ્રસંગ ઉકેલાશે. પ્રવાસ સફળ બનશે. પત્નીનિ તબિયત બગડે, નોકરીયાતને મુંઝવણ અને પ્રતિકુળતા જણાશે.

લેખક : ઠાકોરપ્રસાદ શરદકાંત મહેતા (ચાંગા)
વધુ માહિતી માટે સંપર્ક :- ૯૨૨૭૧ ૩૩૧૨૩

**તંત્રી લેખ અનુસંધાન પાન (૧) પરનુ ચાલુ...**

નહિ તો જીવન ઘડતર કરવા માટે પણ આ ગુણો કેળવીએ તો વાંધો શો ? ભલે લોકોને ન દોરીએ, પણ પોતાની જાતને તો દોરવાની જ છે ને ! વળી ઘેટા જેવા બનીને, આંખ મીંચીને કોઈના દોર્યા દોરાઈએ એના કરતા એકલપંથી સિંહ બનીને પોતાનો રસ્તો જાતે જ શુંકામ ન કરી લઈએ ?

ભલે લોકનેતા ન બનીએ પણ જીવનનું નેતૃત્વતો હાથમાં જરૂર લઈ શકીએ.

જીવન ઘડતરમાં બીજી એક વધારે મહત્વની બાબત છે તે પોતાના વિચારો કલ્પનાઓ અને ભાવનાઓને વ્યક્ત કરવાની શક્તિનો વિકાસ ટાંકી બરાબર ભરાયેલી હોય, પણ ચકલીઓ ના હોય તો ? કૂવાના પાણી બહુ મીઠા હોય, પણ એમને બહાર કાઢવાની સગવડતા ના હોય તો? અભિવ્યક્તિની શક્તિ એ માટે કેળવવાની હોય છે કે, બીજી શક્તિઓને માર્ગ મળે ને એ પણ સાથે સાથે વિકાસ પામે.

આપણી વાતને યોગ્ય રીતે રજુ કરતા આવડે, શબ્દોની પસંદગી ઉચીત હોય, સરળતાથી સાદા વાક્યો નીકળતા હોય બોલતી વખતે આયાસ ન લાગે લાખવાની બાબતમાં પણ એ જ સરળતાનો અનુભવ થતો હોય - આ કળા જેને વરી હોય એ નસીબદાર જ ગણાય પણ પ્રયત્ન કરીને આ કળા સાધ્ય પણ થઈ શકે છે અને એ રીતે તમે પણ નસીબદાર બની શકો છો. એ વાત યાદ રાખવા જેવી છે. આ બધાની સાથે પૃથ્થકરણની શક્તિ સંકળાયેલી છે. એ રખે ભૂલાય. નોંધવા જેવું એ છે કે આ શક્તિને પણ ખીલવી શકાય છે. આ જગતમાં પ્રત્યેક ઘટના પાછળ કારણો હોય છે. ને પ્રત્યેક કારણના પરિણામ હોય છે. વિશ્વની તમામ બાબતો કાર્ય-કારણના સબંધથી જોડાયેલી હોય છે. ઉંડુ પૃથ્થકરણ કરવા લાગીએ ત્યારે આપણને એ સમજાય છે.

આમેય જાણ્યે અજાણ્યે આપણે પૃથ્થકરણતો કરતા જ હોઈએ છીએ. પણ એમાં ઘણીવાર ગુંચવાઈ જવાય છે. એટલે મોંટે ભાગે આપણું ગઈકાલનું પૃથ્થકરણ પસ્તાવો બની રહેતું હોય છે. ને આવતી કાલનું પૃથ્થકરણ ચિંતાનું રૂપ ધારણ કરી લે છે. ને એ દરમ્યાન આપણે તો સતત માનતા હોઈએ છીએ કે આ પૃથક્કરણ જ છે ! સાચુ પૃથ્થકરણ આપણી સામે જે-તે પ્રશ્નને પોતાના યોગ્ય સ્વરૂપમાં રજુ કરે છે એના નાના મોટા ટુકડા કરી આપે છે ને એ રીતે ઉકેલ લાવવાનું સરળ બની જાય છે. આટલુ બધુ કેળવનારો માણસ પણ જો પોતાનો સાચો જીવન વ્યવસાય નક્કી ન કરી શકે તો જીવનઘડતર માટેનો એનો બધો જ પુરૂષાર્થ પાણીમાં ગયો કહેવાય. બલકે જેણે પોતાનો જીવન વ્યવસાય શોધ્યો નથી એણે જીવનઘડતર કર્યું છે એમ કહેવાય જ નહિ.

આપણે કયા વ્યવસાયમાં છીએ અથવા જવા માંગીએ છીએ એના ઉપર તો જીવનનો મોટો આધાર છે ; કારણ કે, સમય અને શક્તિની દ્રષ્ટિથી પણ જીવનનો મોટો ભાગ એ રોકી લે છે.

બધાજ શેઠ થાય તો નોકરી કોણ કરશે ? બધા જ ઓર્ડર આપશે તો એને અનુસરશે કોણ ? બધાજ પોલીસ ઈન્સ્પેક્ટર થઈ જશે તો પોલીસ કોણ રહેશે ? બધા જ મહાન બની જાય તો મહાન કોણ ગણાશે

પાંચ હજાર રૂપિયાનો પગાર લાવનાર અસંતુષ્ટ કારકુને એક વાત વિચારી રાખવા જેવી છે કે, વર્ષે એક લાખના પગાર વાળી મેનેજરની જગા એને આજે આપવામાં આવે તો એ તૈયાર છે એ લાયક છે એવો જલદ પ્રશ્ન પણ હું તો જરૂર ઉમેરૂ

એ મેનેજર ન જ થઈ શકે એમ મારૂ કહેવું નથી. પણ એ માટે એ ણે જાતને કેળવવી જોઈએ, ઘડવી જોઈએ તૈયાર થવું જોઈએ.

કંઈક આપ્યા વગર કંઈજ નહિ મળે, એવો સનાતન નિયમ છે.

ને છેલ્લે તોય સહેજ પણ ઉતરતો નહિ એવો મુદ્દો આવે છે, પોતાના વિકાસની સતત માપણીનો. અરધી રાતના અંધારામાં નાવને હલેસા મારતા પેલા નાવિક જેવી આપણી સ્થિતિ ન જ થવી જોઈએ કે જેને ખબર ન હોતી કે પોતે અત્યારે ક્યાં હતો. આપણો પુરૂષાર્થ સફળ થાય છે. કે કેમ જીવનના આયોજન અને નકશા પ્રમાણે આપણે ચાલી રહ્યા છીએ કે કેમ, આપણી દિશા અને ગતિ બરાબર છે કે નહિ.

આ ઉપરાંત કેળવણી, તાલીમ, નિવાસ, વાતાવરણ, મિત્રો, વધારાના રસ, પ્રવાસોને આવી એક હજાર ને એક બાબતો વિશે આયોજન કરી શકાય. પણ મૂળ વાત આટલી છે મને જીવન ઘડતરમાં ખરેખર રૂચી છે ? મારા જીવનનું આયોજન કરવા હું તત્પર છું ? મારા વ્યક્તિત્વના વિકાસ માટે મે શું શું વિચાર્યુ છે ? સર્જન પૃથ્થકરણ અને અભિવ્યક્તિની શક્તિઓના વિકાસ માટે મારે શું શું કરવું જોઈએ ? નેતૃત્વના કયા ગુણ મારે વિકસાવવાના છે? વ્યવસાય નું કયુ ક્ષેત્ર હું પસંદ કરીશ ? મારા વિકાસને માપવા માટેના કયા કયા માપદંડ મેં નક્કી કર્યા છે ? આ કસોટીના પથ્થર ઉપર જાતને ચકાસી લેવી જોઈએ અને જીવન ઘડતરનું વ્યવસ્થિત આયોજન આરંભીએ.

આ આખી વાતની ટુંકી ફોર્મ્યુલા આટલી છે.

મારા જીવનનું લક્ષ્ય શું છે ?

એ સિદ્ધ કરવા માટે મારૂ આયોજન કેવું છે ?

એમાં અવરોધો કયા ક્યા આવે એવા છે ?

એ ઓળંગવા મેં શી જોગવાઈ કરી રાખી છે ?

પૂરી સચ્ચાઇ થી આ પ્રશ્નો ના જવાબ વિચારો અને તમારા જીગર ઝંખ્યા કામમાં હિંમતભેર આગળ ધપો.

**–આપનો જ્ઞાતીબંધુ**
**મનોજ જોષી**

## અનમોલ સંત વાણી

જેનું આચરણ પરમ પવિત્ર છે જેને જોવાથી અને જેમની વાણી સાંભળવાથી પરમાત્માં માં પ્રેમ અને શ્રધ્ધા ની વૃધ્ધિ થાય છે. હૃદય માં શાંતિ નો પ્રાદુર્ભાવ થાય છે અને પરમેશ્વર પરલોક અને સતશાસ્ત્રો માં શ્રધ્ધા ઉત્પન્ન કરાવી કલ્યાણ ની બાજુ મુકાવે એવા સત-પુરૂષો ના આચરણને જ આદર્શ માનવા જોઈએ.

સત્કાર્ય માનવીના અસ્તિત્વ ને જીવંત રાખે છે સત્કાર્યમાં માનવીને સૌદર્ય દૈવત્વ સુરૂચી અને આનંદ નો અનુભવ થાય છે સાચા હૃદયથી અને સેવા ની ભાવનાથી કરેલા સત્કાર્યો ની સુવાસ સર્વત્ર ફેલાય છે મહાન કાર્યો માટે શકિત ની નહી પણ ખંત ની જરૂર પડે છે.

સંતજનો ના જીવન પરોપકાર માટે હોય છે પરોપકાર પણ ત્યારે જ સંભવ બને છે જયારે માણસના મનમાં એકબીના પ્રતિ દયાભાવ હોય કારણકે દયાભાવ ને જ ધર્મનું મૂળ કહેલ છે. પરોપકાર જ માત્ર અનમોલ રત્ન છે. આજીવન પર્યન પરોપકાર ની ભાવના ને ન ભૂલવી જોઈએ.

પ્રાર્થના ઈશ ચિંતન ઉચ્ચ આધ્યાત્મિક સાહિત્ય નું ચિંતન મનન અને અધ્યયન સહ વિચારો માં સ્મરણ સત્સંગ વિહાર એ એવા સાધનો છે. જેનાથી મનુષ્ય સંજ્ઞારિકતા થી છૂટી ને ઉચ્ચ આત્મસ્થિતિમાં પ્રવેશ કરે છે. સ્તુતિ પ્રર્થના અને ઉપાસના એ એવા સાધન છે જેના દ્વારા આનંદ થી આપણો નિકટ સબંધ સ્થાપીત થાય છે.

મન ને સન્માર્ગ પર લઈ જવા માટે નું પહેલુ સાધન સત્ય બીજુ સાધન સંસારથી ઉપરામમા ત્રીજુ સાધન આચરણ ની ઉચ્ચતાં અને પવિત્રતા અને ચોથુ સાધન પોતાના અપરાધો માટે ઈશ્વર પાસે ક્ષમા ની પ્રાર્થના કરવી તે છે.

પંડિતો ની વિધ્યા ફક્ત વચનાત્મક હોય છે જયારે સાધુ સંતોની વિધા રચનાત્મક અને કલ્યાણકારી હોય છે.

**ચેતન ગોર (અડપોદરા)**

# જ્ઞાતિ ગૌરવ

નામ : શ્રી ગુણવંતરાય મગનલાલ ત્રિવેદી (જામખંભાળીયા) કાન્ય કુબ્જ બ્રાહ્મણ,કાત્યાયન ઋષિકુળ, યજુર્વેદ - ધનુર્વેદ માધ્યાઇની શાખા,
પિતા : સ્વ. મગનલાલ ત્રિવેદી - લાલજીમંદિર
માતા : સ્વ.અંબાગૌરી દ્વિવેદી - પિયર - ભાણવડ.
(૧) શ્રોત કાત્યાયન, (૨) સ્માર્ત-પારાસર ગુહ્ય-ત્રિપ્રવર-કાત્યાયન, વિશ્વામિત્ર, ક્લિમ્, શિખા, દક્ષપાદ, દક્ષ-દેવ, શિવ ગ્રામેષ્ટ દેવ, શ્રી કલ્યાણરાયજી, કુલદેવ શ્રી જ્વાલામુખીજી, મૂળસ્થાન હિમાચલસ્થ જ્વાલાદ્રિ

જામનગર જીલ્લાનું આજનું જામખંભાળીયા ગામ જે જામનગરના રાજવી જામરાવલ પરીવારે વસાવ્યું તેને નવા નગરઅને સ્તંભપુર તરીકે પણ ઓળખાય છે. શ્રી ગુણવંતરાય ત્રિવેદી ગુજરાતી ધોરણ-૭ પાસ કરી શિક્ષક તરીકે નિમાયા. નવા નગર રાજ્યના મહારાણી સ્વ.ગુલાબકુંવરબાથી સન્માનિત થયા. કાપડની દુકાનમાં નોકરી કરી, જામનગરના શ્રેષ્ઠીને ત્યાં બ્રાહ્મણ અતિથીને જમાડવાનું સત્કાર્ય સંભાળ્યું. શાળાંત પરીક્ષા ૧૯૫૦ પછી અંગ્રેજી સંસ્કૃત સાથે જૂની એસ.એસ.સી પૂના બોર્ડની પરીક્ષા ૧૯૫૫માં ઉત્તિર્ણ, ૧૯૫૯માં જુ.પી.ટી.સી અને ૧૯૬૦માં સી.પી.ટી.સી કરી ૧૯૬૩માં એસ.ટી.સી. થયા. ૧૯૬૪માં એફ.વાય. આર્ટસ (એક્ષટર્નલ) હિન્દી વિનિત, સંસ્કૃત માધ્યમ પાસ કરી પ્રમાણિક શિક્ષકની નોકરી દરમ્યાન પ્રવર્તમાન યુક્તિ પ્રયુક્તિ વડે શિક્ષણ કાર્ય કરતા. જેમાં ભાર વિનાનું ભણતર, શાળામાં બાલ હાસ્ય, સુતળી આસન ગુંથણ, વિજ્ઞાન પ્રયોગો, ચોક બનાવવા, અગરબત્તી બનાવવી વગેરે ગૃહઉદ્યોગો શિક્ષણપ્રેમી વાલીઓ અને શ્રેષ્ઠીઓના સહયોગથી બાયોકેમીકલ દવા (૧૨ ક્ષાર દર્દના અનેક ઇલાજ) કર્યા. નબળા બાળકોને નિઃશુલ્ક ટ્યુશન, જૈનપાઠશાળા અને ગ્રામ્ય વિસ્તારની પોસ્ટ ઓફીસ ની કામગીરી સંભાળી, રાજ્ય અને રાષ્ટ્રીય કામગીરી જેમાં વસ્તિ ગણતરી, પશુધન ગણતરી, ચુટણી સબંધી કામગીરી વાંચનાલય અને આરોગ્ય વર્ધક સેવાઓ આપી. ત્રણ શિવ મંદિરોનો જીર્ણોધ્ધાર વગેરે સમાજ સેવાઓ શિસ્ત કાર્યનિષ્ઠા અને સમયપાલન સાથે બજાવી ઇસ.૧૯૮૯ ની ૩૧મી ઓક્ટોબરે નિવૃત્ત થતા ૩૦ બ્રહ્મદેવોને શિક્ષા-સંસ્કૃત ઉચ્ચાર શુધ્ધિ શિખવવા માંડી. લોક ચાહના ભાવ અને સહયોગ થી બાળકો અને શ્રેષ્ઠીઓમાં લોકપ્રિયતા મળી. સ્વ.માતા અંબાગૌરી, સ્વ.પિતા મગનલાલ અને માતામહ શાસ્ત્રી જટાશંકર વિગેરે પાસેથી સંસ્કૃત વ્યાકરણ, જ્યોતિષ, આયુર્વેદનું જ્ઞાન, ચિત્રકામ, શાસ્ત્રીય સંગીત, તબલાવાદન અને કલાત્મક ધૃત શિવપૂજા કળા, ધાતુકળા, કાષ્ટ કળા, પેપર ફ્લાવર આર્ટનો ગહન અનુભવ મળ્યો.

અવા બહુર્વિધ ક્ષેત્રોના જ્ઞાતા વડીલ પૂ.શ્રી ગુણવંતરાય દ્વિવેદી પાસેથી નવી પેઢીને ઘણું જ્ઞાન, પરીશ્રમ અને પુરૂષાર્થ થી પ્રાપ્ત સિધ્ધિઓની પ્રેરણા અવશ્ય મળી રહે છે. દક્ષ દ્રષ્ટિ પરીવાર જ્ઞાનવૃક્ષ સમા વયોવૃધ્ધ અનુભવી (આજે ૮૦ વર્ષની વયે શસક્ત તંદુરસ્ત) આ વડીલને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

"દક્ષ દ્રષ્ટી"

# લગ્ન વિષયક

બરોડા (ગોરવા)નિવાસી શ્રી દેવેન્દ્રપ્રસાદ આર. ઠાકર ના સુપુત્ર ચિ. પ્રશાંતભાઇ દેવેન્દ્રપ્રસાદ ઠાકર (બી.કોમ) ઉંમર વર્ષ ૩૪ માટે ઉચ્ચ શૈક્ષણિક યોગ્યતા ધરાવતા માત્ર બ્રાહ્મણ પરીવારની યુવતીઓના વાલીઓ તરફથી પૂછપરછ આવકાર્ય છે.

સંપર્ક : ૯૮૨૪૦ ૯૩૭૩૧, ૯૭૨૩૭ ૯૦૩૫૩

જીંટોડીયા નિવાસી શ્રી પંકજભાઇ રતિલાલ જોષી ના સુપુત્ર ચિ. તેજસભાઇ પંકજભાઇ જોષી (હાલ ઓસ્ટ્રેલીયા -સ્ટુડન્ટ વીઝા)ઇલેક્ટ્રીક એન્જીનીયર ઉંમર વર્ષ ૨૫ માટે સુંદર, શુશીલ અને સ્નાતક બ્રાહ્મણ યુવતીઓના વાલીઓ તરફથી પૂછપરછ આવકાર્ય છે.

સંપર્ક : ૦૨૬૯૨ ૨૨૯૬૯૨

## વસો ખાતે ગાયત્રી યજ્ઞ સંપન્ન

વસો ગાયત્રી જપ યજ્ઞ મંડળ દ્વારા ગાયત્રી આયોજન નં.૬૧૯ શ્રી વાલમ બ્રાહ્મણ પંચની વાડી - વસો ખાતે તા. ૨૧/૩/૨૦૧૦ને રવિવારે ૩૬ બ્રાહ્મણ ગાયત્રી ઉપાસકોએ ૮૧,૩૦૦ ગાયત્રીમંત્રજાપ કર્યા. તેનો દશાંશ હોમ વૈદિક વિધિ અનુસાર થયો. યજમાન શ્રી કનકભાઇ ડી. વ્યાસ - ગાયત્રી પરીવાર હેરો (લંડન) વસો મંડળના ઉપપ્રમુખ- પ્રેટન ટ્રસ્ટી વતી શ્રી રશ્મીકાંન્ત શંકરલાલ વ્યાસે સપત્નિક પૂજા વિધી કરી. આયોજનમાં શ્રી મહેન્દ્રભાઇ ડી.ગોર, અ.સૌ.ઉર્મિલાબેન ગોર પણ લંડન થી પધાર્યા હતા. મંડળના પ્રમુખ શ્રી કિરીટભાઇ શાસ્ત્રી આચાર્ય હતા. અને શ્રી રમણભાઇ કે.દવે વસો તથા મહામંત્રી શ્રી પ્રવિણભાઇ પંડ્યા એ સમગ્ર વ્યવસ્થાનું સફળ સંચાલન કર્યું હતું. ગાયત્રીમંત્ર જાપ અને યજ્ઞ વિધિ કલ્યાણ અને વિશ્વશાંતિમાં વધારો કરે છે. તેમાં બ્રાહ્મણો દ્વારા થતા યજ્ઞો વિશેષ ફળદાયી બને છે.

- પ્રવિણભાઇ પંડ્યા

## શ્રી આણંદ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજઆયોજીત સમુહ યજ્ઞોપવિત સંસ્કાર

શ્રી આણંદ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ ના ઉપક્રમે આગામી તા.૧૬/૫/૨૦૧૦ ને રવિવારના રોજ આણંદ પાસે લાંભવેલ હનુમાનજી મંદિર હોલ મુકામે ૮મો. સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમ યોજવામાં આવેલ છે. સવારના ૮.૩૦ થી બપોરે ૩.૩૦ કલાક સુધી આ કાર્યક્રમ માં બટુક ના વાલીઓએ ફક્ત ત્રણ આસન લઇને આવવાનું રહેશે. અને બાકીની તમામ સામગ્રી આયોજકો દ્વારા આપવામાં આવશે.

બટુક દીઠ રજીસ્ટ્રેશન ફી રૂા.૫૧/- ભરી રજીસ્ટ્રેશન ફોર્મ નીચે દર્શાવેલ સ્થળોએ તા.૧૦/૫/૨૦૧૦ સુધીમાં પરત આપવાના રહેશે.

એક બટુક સાથે ૫ વ્યક્તિઓને નિઃશુલ્ક ભોજન આપવામાં આવશે. બાકીના બટુકના સબંધી-મહેમાનો માટે વ્યક્તિદીઠ રૂા.૨૦ ભરી અગાઉથી પાસ મેળવી લેવાના રહેશે. સમગ્ર કાર્યક્રમના સ્પોન્સર દાનવીર શ્રી ડૉ.જયદત્ત વ્યાસ રંગ અવધૂત લકવા કેન્દ્ર ના સહયોગ દ્વારા આ કાર્યક્રમ યોજાનાર છે.

### ફોર્મ મેળવવાના સ્થળ

(૧) શ્રી કમલકુમાર વ્યાસ (પેઇન્ટર)(પ્રમુખ આણંદ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ) વાઘનાથ ચકલા, ઉમરેઠ. ફોન : ૯૮૨૪૪ ૦૬૩૦૨ (૨)દક્ષ દ્રષ્ટિ કાર્યાલય ૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ, ગંજ બજાર, નડીઆદ. ફોન : ૦૨૬૮- ૨૫૬૪૨૩૨ (મો) ૯૮૨૫૪ ૪૯૫૦૫ (૩) મનહરભાઇ જોષી સૂર્યનારાયણ સોસાયટી, બસ સ્ટેશન પાસે, મુ. ખંભોળજ. ફોન : ૯૪૨૯૦ ૩૧૦૧૯ (૪) ગોપાલભાઇ પંડ્યા બ્રાહ્મણની ખડકી, મુ.પો. શીલી જી. આણંદ ફોન : ૯૯૭૪૩ ૪૯૪૧૩ (૫) પરેશભાઇ પંડ્યા જ્યોતિષી લખુભાઇ એસ્ટેટ, મહાદેવ એરીયા, વલ્લભ વિદ્યાનગર, ફોન : ૯૮૨૪૪ ૮૨૭૦૭ (૬) પ્રજ્ઞેશભાઇ પંડ્યા (જ્યોતિષી) ગીતામંદિર નડીઆદ ફોન : ૯૩૭૭૪૦૨૨૪૭ (૭) સુમંતભાઇ ગોર રાજેશ વાસણ ભંડાર, ટાવર બજાર, આણંદ. ફોન : ૦૨૬૯૨ ૨૪૮૩૮૦.

# સુંદરકાંડ

તા.૨૪/૩/૨૦૧૦ને રામનવમીના પાવન દિવસે અમદાવાદ ખાતે દક્ષ દ્રષ્ટિના પ્રતિનીધિ શ્રી કમલેશભાઇ મણીભાઇ પંડ્યાના નિવાસ સ્થાને તેઓના ગુરૂજી શ્રી લક્ષમણદત્ત બ્રહ્મચારીજી ની પુણ્યતિથી નિમિત્તે ગોસ્વામી સંજયભારતી મહારાજશ્રીની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત પ્રસંગ નિમિત્તે સંત શ્રી દક્ષમણદત્ત બ્રહ્મચારીજીના અનેક શિષ્યો ગુજરાત ભરમાંથી ઉપસ્થિત રહ્યા હતા. જેમાં શ્રી સિધ્ધરાજ સિંહ ભાટી (ડી.આઇ.જી), શ્રી પ્રવિણભાઇ બ્રહ્મભટ્ટ (ડે.કલેક્ટર), શ્રી રાજાભાઇ આહિર(સા.કા. જીલ્લા ભાજપ પ્રમુખ), તેમજ શ્રી બાબુભાઇ કાળીદાસ ત્રિવેદી, શ્રી નવીનભાઇ કે. ત્રિવેદી, શ્રી શાન્તુભાઇ પટેલ (સા.કા.કોંગ્રેસ અગ્રણી), શ્રી સુરેશભાઇ પટેલ (પો.ઇસ્પે.), શ્રી ચંદ્રકાન્તભાઇ વોરા (એ.સી.પી), શ્રી જીતેન્દ્રભાઇ ભટ્ટ, શ્રી જીતેન્દ્રસિંહ વી.રાઠોડ, અને ડૉ.ભાનુભાઇ બી.પટેલ(સાબર ડેરી), શ્રી ડાહ્યાભાઇ પટેલ તેમજ સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર, તલોદ, મોડાસા, અને ગામે ગામ થી તેમજ અમદાવાદ, ગાંધીનગર અને આબુરોડ થી વૈદ સતિષચંદ્ર અને અનેક ગુરૂજીના શિષ્યોએ ખૂબજ મોટી સંખ્યામાં હાજર રહી સદ્ગુરૂ શ્રી લક્ષ્મણદત્ત બ્રહ્મચારીજી માટે કૃતજ્ઞતાના દર્શન કરાવ્યા હતા.

ઉપરોક્ત પ્રસંગે પૂ.ગુરૂજીના સ્મરણોને વાગોળતા ભાવવહી અને ગદ-ગદ શ્વરે શ્રી કમલેશભાઇ પંડ્યાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

- દક્ષ દ્રષ્ટિ

# વડોદરા જીલ્લા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા યોજાનાર ૩૯મું જીવનસાથી પસંદગી સંમેલન

શ્રી ચાણક્ય સેવા ટ્રસ્ટ(રજી.) અને વડોદરા જી. સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ ના ઉપક્રમે તા.૯/૫/૨૦૧૦ ના રોજદિવ્ય પાર્ટીપ્લોટ, પટેલ એસ્ટેટ પાર્ટી પ્લોટ, વુડા સર્કલ પાસે, વીઆઇપી રોડ, કારેલી બાગ, વડોદરા ખાતેયોજાનાર

" ૩૯ મું જીવનસાથી પસંદગી સંમેલન "

ના નિઃશુલ્ક ઉમેદવારી પત્ર માટે
આણંદમાં શ્રી સુમંતરાય ગોર, રાજેશ વાસણ ભંડાર, ટાવર બજાર, બોરસદમાં શ્રી દિલીપભાઇ ભટ્ટ, બ્રાહ્મણવાડો, મહાદેવ પાસે, ડાકોરમાં શ્રી પ્રદ્યુમનભાઇ જોષી, બ્રહ્મપોળ . ખેડામાં શ્રી રવિદત્ત શાસ્ત્રી (વ્યાસ) લાંબીશેરી, કપડવંજ માં શ્રી હરીશભાઇ, મોટા હનુમાનજી મંદિર, ટાઉન હોલ તથા વડોદરા માં

**વડોદરા જીલ્લા મહામંત્રીશ્રી ઈશ્વરભાઇ દવે**
સી-૨૧, રાધાકૃષ્ણ શોપીંગ સેન્ટર, સહયોગ બાગ સામે, ગોરવા, વડોદરા સંપર્ક કરવો.
ફોન નં. ૯૫૨૬૫- ૨૨૯૨૦૪૦ / ૨૨૯૨૧૭૭ દ્વારા સવારે ૯-૦૦ કલાક થી ૧-૦૦ કલાક દરમ્યાન સંપર્ક કરી સરનામાની જાણ કરવી. નડીઆદમાં

**દક્ષ દ્રષ્ટી કાર્યાલય, દક્ષ કન્સલ્ટન્સી,**
૧૧૮-ઘંટાકર્ણ કોમ્પલેક્ષ, ગંજબજાર, ડભાણ ભાગોળ, નડીઆદ-૩૮૭૦૦૧.
ફોન : ૦૨૬૮-૨૫૬૪૨૩૨, ૯૮૨૫૪ ૪૯૫૦૫, ૯૪૨૮૬ ૪૯૯૪૫ પર સંપર્ક કરવા નમ્ર વિનંતી
ઉમેદવારી પત્ર ટ્રસ્ટની વેબસાઇટ દ્વારા પણ પ્રાપ્ત કરી શકાશે. WWW.Shreechanakyasevatrust.com

# અવસાન નોંધ

અડપોદરા નિવાસી(હાલ મુંબઇ) આચાર્ય રોહિતભાઇ ઇશ્વરલાલ નું તા.૨૮-૨-૨૦૧૦ ના રોજ ૪૫ વર્ષની વયે મુલુંડ - મુંબઇ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

ટીંટોઇ નિવાસી (હાલ મુંબઇ-ઘાટકોપર) વ્યાસ ચુનીલાલ ખેમરામ નું ૯૦ વર્ષની વયે ઘાટકોપર મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

વડોદરા નિવાસી અરવિંદચંદ્ર છોટાલાલ પંડ્યા ના ધર્મપત્નિ શ્રીમતિ સુશિલાબેનનું તા.૨૦/૩/૨૦૧૦ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સરડોઇ નિવસી ભગત હસમુખભાઇ ના ધર્મપત્નિ ભગત કંચનબેન હસમુખલાલ નું મુંબઇ મુકામે તા.૧૯/૩/૨૦૧૦ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ આપે તેવી દક્ષ દ્રષ્ટિ પરીવાર તરફથી અભ્યર્થના.

# જીવનમાં સંઘર્ષ અને સંસ્કાર થકી બ્રહ્મત્વને ઉજાગર કરનાર વિરલ નારી. શ્રીમતી ભારતીબેન વ્યાસ.

સાચો વારસો સુવિચારનો છે. એમ માનતા શ્રી ભારતીબેન ફક્ત ચાર વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી. માતાની હામ અને ભાઈ-બહેનોની હુંફ મેળવીને મોટા થયેલ શ્રી ભારતીબેન એસ.વાય.બી.એ. માં અભ્યાસ કરી રહ્યા હતા. ત્યારે તેમના લગ્ન રાજકોટના સુપ્રસિધ્ધ વૈધરાજ શ્રી ઝવેરભાઈના પુત્ર શ્રી મધુસુદનભાઈ સાથે થયા.

સુખી જીવનની શરૂઆત થઈ પુત્ર તો જોઈએ જ ની રૂઢિગત વિચારસરણીના પરીણામરૂપ ચાર પુત્રીઓની માતા બનેલ શ્રી ભારતીબેન પર ૩૮ વર્ષની ઉંમરે વજ્રઘાત થયો. સીવીયર હાર્ટ ફેઈલે તેમના પતિની જીંદગી જ ફેઈલ કરી દીધી.

દિકરીઓ હજુ નાની હતી. તેમને ભણાવી ગણાવી ને પગભર કરવા માટે શ્રી ભારતીબેને કમર કસી આર્થિક ઉપાર્જન માટે ઘરમાંજ ત્રણ બાળકોથી પ્લેહાઉસ શરૂ કર્યું. આઠ મહિના પછી બાળકોની સંખ્યા વધી. આસપાસના વિસ્તારમાંથી બાળકોને પ્લેહાઉસમાં આવતા કરવા ભારતીબેન ડ્રાઈવીંગ શીખ્યા.

મારૂતીવેન ડ્રાઈવ કરી બાળકોને પ્લેહાઉસમાં લાવવા અને ઘેર મૂકવા જતા શ્રીભારતીબેને બાકીના સમયમાં કોલેજના વિદ્યાર્થીઓને લાવવા-મુકવા જવાનું શરૂ કર્યું. થોડા સમય પછી કોલેજના વિદ્યાર્થીઓ માટે એક ડ્રાઈવર પણ રાખ્યો.

લાગ્યુ કે, ગાડી બરાબર પાટા પર ચડી ગઈ, પરંતુ હજુ તો ઘણી કસોટીઓ બાકી હતી. એમ જણાવતા શ્રી ભારતીબેને કહ્યું કે ઘર પાસે અધ્યતન સુવિધાવાળુ એક નવું પ્લેહાઉસ ખુલ્યુ, સ્વીમીંગપુલવાળા પ્લેહાઉસે ભારતીબેનના પ્લેહાઉસની સંખ્યા ધીમે ધીમે ઘટાડી દીધી. ફરીથી આર્થિક સમસ્યા મોઢુ ફાડીને ઉભી રહી.



પાંત્રીસ વર્ષની ઉંમરે વિધવા થયેલા નિરક્ષર માતા શાંતાબેનને પોતાનો આદર્શ માનતા શ્રી ભારતીબેને માતાના સંઘર્ષમાંથી પ્રેરણા મેળવેલી એટલે સમસ્યાઓ સામે હાર તો માને જ શાના ! ઘરના અમુક રૂમ વિદ્યાર્થીઓને ભાડે આપવાનું શરૂ કરી આર્થિક સમસ્યા હલ કરી સાથે સાથે ભાડે રહેતા વિદ્યાર્થીઓ તથા આજુ બાજુ રહેતા વિદ્યાર્થીઓ ને જમાડવાનું શરૂ કર્યું. તથા અમુક એકાંકી વૃધ્ધોને ટીફીન પહોંચાડવા લાગ્યા.

આધ્યાત્મિક વાંચનના શોખીન શ્રી ભારતીબેન આર્થિક ઉપાર્જન સાથે સાથે આત્મકલ્યાણ માટે ધાર્મિક તથા સમાજ સેવાના કાર્યો કરતા રહ્યા. શ્રી પાંડુરંગશાસ્ત્રીજી પ્રેરીત ગીતાજીની છ પરીક્ષાઓ આપી ચુકેલા શ્રી ભારતીબેને ગીતા વિદ્યાલય દ્વારા આયોજીત સંસ્કૃત સંભાષણ વર્ગની પરીક્ષા પણ સારી રીતે ઉત્તિર્ણ કરી છે.

તાંજેતરમાં ગોંડલરોડ સ્થિત શ્રી ગાયત્રી શક્તિપીઠ દ્વારા યોજાયેલ યોગના વર્ગોમાં યોગની તાલીમ મેળવી પરીક્ષામાં પ્રથમ વર્ગ મેળવી ચુકેલા શ્રી ભારતીબેન

## નારી દ્રષ્ટી

વૈદકિય સારવાર વિશે, ચાઈલ્ડ સાઈકોલોજી વિશે તથા પર્યાવરણ બાબતે તેમના સંપર્કમાં આવતા દરેક લોકોને માર્ગદર્શન આપતા રહે છે.

ઘરમાં નાના મોટા પ્રસંગો સમયે પિતા કે પુત્રની ગેરહાજરી ખૂબજ સાલે એમ જણાવતા શ્રી ભારતીબેન તેમની વ્યથા વ્યક્ત કરતા કહે છે કે, દિવાળીનો તહેવાર હોય ત્યારે દીકરીઓને ફટાકડા કોણ ફોડાવે? સક્રાંત માં પતંગના કન્ના કોણ બાંધી આપે? વાહનમાં પંક્ચર પડ્યુ હોય તો રીપેર કરાવવા કોણ દોડે ઘરને વ્યવહાર ચલાવવામાં નાણાભીડ તો જુદા જુદા કામો કરી દૂર કરી પણ માણસની ભીડ મને ડગલે ને પગલે ખૂબજ સાલી છે. પણ મન મક્કમ કરીને પુત્રીઓને ઉછેરી છે.

શ્રી ભારતીબેનની આ સંઘર્ષયાત્રાને તેમની પુત્રી ઉર્વીબેન એમ.એસ.સી., બી.એડ. કરીને બીજીપુત્રી જીજ્ઞાબેને પુના યુનિ.માંથી એમ.બી.એ ના અભ્યાસમાં ગોલ્ડ મેડલ મેળવીને, ત્રીજીપુત્રી ખ્યાતીબેને એમ.સી.એ.ની ડિગ્રી મેળવીને તેમજ નાની પુત્રી અદિતીને એમ.એ. કરીને થોડા ઘણા અંશે સરળ બનાવી છે.

બે પુત્રીઓને લગ્નના કરીયાવરમાં સંસ્કાર અને શિક્ષણ આપનાર શ્રી ભારતીબેન છેલ્લા ત્રણ વર્ષથી વ્યાસપીઠ પરથી ભાગવત્ કથાનું રસપાન શ્રોતાઓને કરાવે છે. પૂ.અપૂર્વસ્વામી દ્વારા કરાયેલ ભાગવત કથા શ્રવણ કર્યા પછી વેદ વ્યાસજીની ભાગવત કથા વાંચીને ભારતીબેને તેને આત્મસાત કરવાની તૈયારી કરી સૌથી પ્રથમ કથા દૂધેશ્વર મહાદેવ મંદિર વિજય પ્લોટમાં કરી અત્યાર સુધીમાં ગોંડલ, હરીદ્વાર, રાજકોટ વગેરે સ્થળોએ ભાગવત કથા કરી ચુકેલા શ્રી ભારતીબેન અગામી દિવસોમાં કોઈમ્બતુર તથા લંડન મુકામે ભાગવત્કથા કરવાના છે. તેઓ આ કથાયજ્ઞોની આવક જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓની ફી તથા પુસ્તકો માટે ખર્ચે છે. વિપરીત સંજોગોમાં ઈશ્વર તથા માતાનો સપોર્ટ મેળવનાર શ્રી ભારતીબેન એ વાતનું જીવંત ઉદાહરણ છે કે, જેમને પ્રભુની શરણાગતિ મેળવી છે. તેમનો પુરૂષાર્થ કદી એળે ગયો નથી.

**– દિપા જોષી**

## બાળ દ્રષ્ટી
## ગજરાજ



મીત્રો,

(૧) હાથીએ જમીન ઉપર વસતુ સૌથી મોટુ સસ્તન શાકાહારી પ્રાણી છે.

(૨) હાથીનું સરેરાશ વજન ૪૫૦૦ કિલો હોય છે તેમ છતા ૧૨૦૦૦ કિલો વજનના હાથી એશિયામાં છે.

(૩) હાથીની ઉંચાઈ ૧૪ ફૂટ અને લંબાઈ ૨૦ ફૂટ સુધીની હોય છે.

(૪) હાથીનું હૃદય ૨૦ થી ૨૨ કિલોનું હોય છે. તે દર મીનીટે ૩૫ વાર ધબકે છે.

(૫) હાથીનું હૃદય મજબુત હોય છે.તેની આંખો ઝીણી અને માણસ કરતા ૭૦% ઓછુ જુએ છે.

(૬) હાથી ધીમે ધીમે ચાલે છે. વધુમાં વધુ એક કલાકે ૨ કિલોમીટરની ઝડપે દોડી શકે છે.

(૭) હાથીના બહાર દેખાતા બે દાંત આભુષણ તેનું આભુષણ છે. હાથીદાત ના ઘરેણા બને છે.

(૮) હાથીના દાંત ૪ થી ૫ કિલોના હોય છે. મોઢામાં ચાવવાના દાંત મોટા હોય છે.


(૯) હાથીના આગળના દાંત જ બદલાતા હોય છે. ઉમર વધતા ઘસાઈને પડી પણ જાય છે.

(૧૦) હાથીના અંદરના દાંત આગળની તરફ ખસી મોટા થતા જાય છે. આ ક્રિયા અટકી જાય ત્યારે હાથી બોખો થઈ જાય છે.

(૧૧) હાથીની સૂંઢમાં જાડા દોરડા જેવા ૫૦,૦૦૦ સ્નાયુઓ આવેલા હોવાથી મજબુત ફેક્સીબલ છતા નાજુક હોય છે. સૂઢથી જમીન પર પડેલો સિક્કો ઉપાડી શકે છે. અને વૃક્ષોની ડાળીઓ પણ તોડી શકે છે.

(૧૨) હાથી સૂંઢમાં ૮ થી ૧૦ લીટર જેટલુ પાણી ભરી છંટકાવ કરે છે.

(૧૩) હાથીને રોજ ૨૫૦ કિલો ભોજન અને ૮૫ લીટર જેટલુ પાણી પોષણ માટે જોઈએ છે.



(૧૪) હાથી ૧૮ કલાક ખાવા પીવામાં ૪ કલાક ઉંઘ લેવામાં અને ૨-૩ કલાક હરવા ફરવામાં કાઢે છે.

(૧૫) હાથીનું આયુષ્ય ૭૦ થી ૮૦ વર્ષનું હોય છે. અને તે ભૂખમરાથી વધુ મરે છે.

(૧૬) હાથી રંગને પારખી શકતા નથી. અને તેનું વિઝન પણ ખૂબજ સાંકડુ અને ઓછુ હોય છે. તેથી તે એક પાછળ એક હારબંધ ચાલે છે.

(૧૭) હાથી વ્યક્તિના ગુણોને પારખી શકે છે. તેથી જુના જમાનામાં રાજાઓ અને વરની પસંદગીમાં કરવા માટે હાથીનો ઉપયોગ થતો.

**– દક્ષ જોષી**

# વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ઉત્તમ આવાસના જ્યોતિષ યોગ

પોતાના કુળગોત્રમાં જન્મ લઈને, સંસ્કારી બનીને, ભણીગણીને એક વ્યક્તિ ધંધા માટે તૈયાર થાય છે . ત્યારે રોજગાર અને વ્યાપાર કરવા ઉપરાંત પોતાના બચાવેલ ધનમાંથી મકાન અને ઘર બનાવવાની આશા રાખે છે. જો એનો શ્રમ સાર્થક બને છે, તો એક દિવસ એની અભિલાષા અવશ્ય પુરી થાય છે. વાસ્તુ પ્રભાવનો સીધો સબંધ મનુષ્યના ભાગ્યથી પણ છે. જયારે તોફાન આવે છે તો સૌભાગ્યવશ કેટલાક લોકો સુરક્ષિત ઘરોમાં બેઠેલા હોય છે અને કેટલાક લોકો સુરક્ષિત સ્થાનોની નજીક હોય છે. જયારે કેટલાક લોકો ખુલ્લા મેદાન માં હોય છે, જયાં તોફાનથી બચવું મુશ્કેલ છે. આ બધી ભાગ્યની લીલા છે કે જે વાસ્તુ સુખથી વ્યક્તિને સુરક્ષા આપી રહ્યું છે. જ્યોતિષના જાતક ગ્રંથોમાં મકાન એટલે ભવનનો ચોથો ભાવ હોય છે. ચોથા ભાવના સ્વામીના પ્રભાવ થી જાણવા મળે છે કે વ્યક્તિનું ઘર ક્યારે થશે ? જન્મથી હશે કે પછી બનશે. એક મકાનને છોડીને બીજા મકાનને ખરીદવાનો યોગ હશે કે અથવા જાતે જામીન ખરીદીને બનાવીને રહેવામાં સુખ હશે.




ચોથા ભાવના સ્વામીને બૃહસ્પતિગ્રહ (ગુરૂ) પુર્ણ દ્રષ્ટિથી જુએ કે ચોથા ભાવના સ્વામીની સાથે યોગ કરે તો વ્યકિત ની પાસે જન્મથી જ મકાન હોય છે. ચોથા ઘરમાં રાહુ કેતુ બેઠા હોય તો પોતાનું મકાન હોવા છતા આ જન્મ ભાડાના મકાનમાં રહેવું પડે છે. આવી રીતે અનેક યોગો છે. આ સંસારમાં આજના સમયમાં વ્યક્તિ ૧૮-૨૦ વર્ષની ઉંમરથી જ પોતાના કે ભાડાના મકાનમાં રહેવાના અભિપ્રાયને સમજવા માંડ્યો છે. મકાન બનાવવા કે ખરીદવા માટે પૂરતી જમા પૂંજી કે ધન ઉપલબ્ધ હોવું જોઈએ. વાસ્તુપુરૂષ જેના શરીરના વિકાસે અને આસમાનથી જમીન પર પટકી દીધો, અને એક વિશેષ મુદ્રામાં ધરતીથી આત્મસાત કરી દીધો. ઈશાનકોણ તરફ જ આપણી ધરતી ઝૂકેલી છે. આ બધાનો એજ અભિપ્રાય નિકળે છે કે આ સંસારમાં મનુષ્ય કંઈ ને કંઈ કરવા માટે આવ્યો છે. અન્ન-પાણી અને કપડા મળી જવા પછી મકાન એની ત્રીજી આવશ્યકતા છે. મનુષ્યના પુરૂષાર્થ, પરાક્રમ, અસ્તિત્વ, સૌભાગ્ય,પૂંજી અને કર્મની સાર્થકતાની ઓળખ એના દ્વારા બનાવેલ ભવનથી હોય છે. આ પૃથ્વી પર મનુષ્ય શક્તિએ પોતાની વિશિષ્ટ ઓળખ બનાવી છે. અને તેનું પ્રમાણ આપણા ઐતિહાસિક વાસ્તુભવનોથી મળે છે. એ પણ એક સત્ય છે. કે જે પ્રકારે પૃથ્વી સાડા ૨૩ અંશ ઝુકી છે. બરાબર એની જેમ વાસ્તુપુરૂષના આકાર જેવા જ ભવનોની જે સંરચના કરવામાં આવી છે એને બનાવવાવાળાની પ્રતિષ્ઠા અજર અને અમર બની ગઈ. આજ કારણથી કહેવાય છે કે ભાગ્યને તો નથી બદલી શકાતુ, પરંતુ વાસ્તુ વિજ્ઞાનના લીધે વાસ્તુદોષ યુક્ત મકાન બનાવવાથી બચી શકાય છે.

**–રાજેશભાઈ**

## દાહોદ ગુર્જરગૌડ બ્રહ્મણ સમાજ દ્વારા ગૌતમી જયંતિ પર્વનું આયોજન સંપન્ન

ચૈત્ર માસ પ્રતિપદા નવ વર્ષ નિમિત્તે ગુર્જરગૌડ બ્રાહ્મણ સમાજ દ્વારા ગૌતમ જયંતિનો પર્વ ખૂબ ધામધુમથી અને હર્ષોલ્લાસ થી ઉજવાયો હતો. આ કાર્યક્રમ માં ખૂબજ મોટી સંખ્યામાં બ્રાહ્મણો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન સમાજ બંધુઓએ એક બીજાને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સંરક્ષકશ્રી દ્વારા ધ્વજા રોહણ કરાયું હતું. ત્યારબાદ ધ્વજગાયન અને આરાધ્યદેવોની સાથે સાથે બ્રહ્મશક્તિનો પરીચય કરાવતી એક સુંદર રચના પ્રસ્તુત કરવામાં આવી હતી. કુમારી કિર્તી શર્મા દ્વારા સુંદર ગુરૂવંદના પ્રસ્તુત કરાઇ હતી.

કાર્યક્રમ દરમ્યાન ગુ.ગૌ.બ્રાહ્મણ સમાજ દાહોદના અધ્યક્ષ તરીકે શ્રી ચતુર્ભુજ સી. શર્મા અને મહિલા અધ્યક્ષ તરીકે શ્રીમતી વીણાબેન એચ. ત્રિપાઠીના નામોની જાહેરાત કરાઇ હતી.

કાર્યક્રમના અંતમાં ગૌતમ ઋષીની પૂજા અર્ચના તથા આરતી કરવામાં આવી હતી. ત્યાર બાદ સામુહિક રીતે ગૌતમ ચાલીસાનું પઠન કરવામાં આવ્યું હતું.

અનુક્રમે દાહોદ ગુ.ગૌ.બ્રાહ્મણ સમાજનો સામુહિક ભોજનનો કાર્યક્રમ તા.૨૧/૩/૨૦૧૦ના રોજ રાજસ્થાન પંચાયત ભવન ખાતે યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો સંપૂર્ણ ખર્ચ શ્રી ચતુર્ભુજ શર્મા તથા વીણાબેન ત્રિપાઠી દ્વારા કરવામાં આવ્યો હતો.

**– બદ્રીપ્રસાદ જે. શર્મા.**

## માનવ મનની અઘાત શક્તિ

માનવ મન એટલે બુધ્ધિનો ખજાનો, વિચારોનો ભંડાર, અદ્દૂટ સંકલ્પ વિકલ્પોનું અનોખુ સંગ્રહ સ્થાન. માનવ બુધ્ધિનો વિકાસ પર્યાવરણ દ્રશ્ય શ્રાવ્ય, સ્પર્શના સંપર્ક વડે જે વિશેષ જ્ઞાન પ્રાપ્ત થાય તે તેનાથી આગળ અંતઃકરણની સ્કુરણા અને સ્વયં અનુભુતિથી પ્રાપ્ત થતુ અદભૂત જ્ઞાન. જ્ઞાન એ વિચારોમાંથી જીજ્ઞાષામાંથી અને અનુભવમાંથી વધતુ જ રહે છે. મનના વિચારોના વિશ્લેષણ પૃથ્થકરણ અને તારણથી સક્રિયતા વધે છે. જેના પરીણામે શોધો સંશોધનો અન્વેષણો અને નિરક્ષણોનો નિચોડ પોતાના અને બીજાના જીવનને ઉપયોગી બનાવે છે. પ્રાચીન ભારતમાં યોગ અને પ્રત્યક્ષ દર્શન વડે શિક્ષણ આપવામાં આવતુ તેનાથી બુધ્ધિની સ્થિરતા, તેજસ્વીતા ચપળતા સાથે વિદ્વતામાં વધારો થતો. વિચારો ગ્રહણ કરવાની શક્તિ અને આવડત પ્રાપ્ત થતી. તેજસ્વી વ્યક્તિની બુધ્ધિ સરખામણી સૂર્યકિરણ સાથે કરવામાં આવે છે. તેનું કારણ સૂર્યના કિરણો ફેલાયેલ હોય છે તેની ગરમી કે ઉર્જાની શક્તિ વહેંચાઇ જાય છે. પણ તે કિરણોને કેન્દ્રવર્તી બનાવવામાં આવે તો અનેક ઘણી ગરમી અને ઉર્જા ઉત્પન્ન કરી શકાય છે. એવુંજ મનની શક્તિને ધ્યેયલક્ષી એકાગ્ર કરવાથી બુધ્ધિનો આંક અનેકઘણો વધારી શકાય છે. બુધ્ધિશાળી વ્યક્તિઓ એકાગ્રતાથીજ આગળ વધે છે. મનને એકાગ્ર કરવાની ટેવ પાડવામાં આવે તો શરીરના દુઃખ દર્દ ભૂલાવે, રોગ મુક્તિ અપાવે, ભૌતિક વસ્તુ ઉપર પણ તેનો પ્રભાવ પાડી શકાય. મનથી ઉપજતી લાગણીઓ સંવેદનાઓ અને માગણીઓ (ઇચ્છાઓ) ને પણ કાબુમાં લઇ શકાય છે.

આધુનિક યુગમાં માનવ મનની બુધ્ધિથી તેના હાથ ભીમ કાય રેલ્વે એન્જીન ઉઠાવી શકે છે. તેના પગ હજારો માઇલ રોજ ચાલી શકે છે. તેની પાંખો ગગનમાં અને ચંદ્ર ઉપર લઇ જાય છે. તેની આંખો દૂર દર્શન અને અદ્રશ્ય વસ્તુઓને પણ જોઇ શકે છે. તેના કાન દુનિયા પારના શબ્દો સાંભળી શકે છે. પહાડોને આર-પાર ભેદી શકે છે. સમુદ્રો તરી શકે છે. નદીઓ ઝરણાને રોકી જંગલો ઉગાડી ધરતીને સમૃધ્ધ બનાવી શકે છે. ખેત પેદાશો અને ભૂગર્ભ ખનિજ પેદાશોને વધારી માનવ હિતમાં વધારો કરી શકે છે. એ બધી શક્તિનો મૂળ સ્તોત્ર માનવ મન અને મગજની બુધ્ધિના વિકાસનું જ પરીણામ છે. આનુ કારણ પ્રબળ સંકલ્પ શક્તિ, હકારાત્મક અભિગમ અને આત્માના અવાજ નો ત્રિવેણી સંગમ છે. માનવ મગજને જોઇ શકાય છે. પણ મનને જોઇ શકાતુ નથી. જે જોઇ શકાતુ નથી તે જ મહત્વના કાર્યો કરવા સમર્થ છે. માનવ શરીરમાં આત્માની શક્તિ જ મનની શક્તિમાં વધારો ઘટાડો કરે છે. મહાપુરૂષોના મન-મગજ અને સામાન્ય માનવીમાં આ જ મોટો ફરક છે. વિચારક્રાંતિ એટલે પરિવર્તન અને પડકાર.

આદિમાનવ થી આજ સુધી માનવ મન-મગજ વિકાસની સતત પ્રક્રિયા ચાલુ છે. અને ચાલુ રહેવાની છે. પણ તેમાં સાવધાન રહેવાની પણ એટલી જ જરૂર છે. જેથી વિનાશને બદલે સતત સારો વિકાસ કેમ થઇ શકે. તેની સંપૂર્ણ જવાબદારી વિશ્વના બુધ્ધિશાળી માનવીઓની રહેલી છે. આવો આપણે સૌ સાથે મળી શુભ સંકલ્પ કરીએ, વિકાસ અને પ્રગતિના દરેક ક્ષેત્રમાં સહભાગી થવા પરસ્પર સારા વિચારોનું આદાન પ્રદાન સતત કરતા રહીએ. દિલ દિમાગને એક બીજામાં ભેળવી પરસ્પર દેવોની ભાવના વિશ્વમાં વિકસાવીએ. અગ્રે વિપ્રને સાર્થક કરવા બ્રહ્મબંધુઓની ક્ષિતિજોનો વિસ્તાર વધારીએ. જો કે કાળા માથાના માનવી માટે કશુંજ અશક્ય નથી. તો પણ સારાનું સંવર્ધન અને સંવનન કરવા બ્રહ્મબંધુઓનું સંગઠન થવું અતિ જરૂરી છે.

**– પ્રવિણભાઇ પંડ્યા**

## વેજલપુર ગામે શિવરાત્રી પર્વની ઉજવણી

:-કાલોલ તાલુકાના વેજલપુર ગામે મહા શીવરાત્રી પર્વની શાનદારથી ઉજવણી કરવામાં આવી ગામમાં આવેલ શ્રી ત્રીવેદી મેવાડા બ્રાહ્મણ પંચ ના તાબા માં આવેલ વૈજનાથ મહાદેવ એકલીંગજી મહાદેવ તેમજ ધર્મેશ્વર મહાદેવ ત્રાણેય શિવાલયો માં સુશોભીત રોશની કરવામાં આવી હતી. શિવાલયોમાં શિવ ભક્તો ની ભારે ભીડ જોવા મળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવજી ની પ્રતિમા ને પાલખી માં પધરાવી ને તેની શોભાયાત્રા કાઢવામાં આવી ગામના મેઇન બજારો માં જય ભોલે, ઓમ નમઃ શિવાય ના મંત્રોચાર સાથે શોભાયાત્રામાં શિવભક્તો જોડાયા હતા. અને રાત્રી સમયે મહા પુંજા રાખવામાં આવી હતી.

ત્રીવેદી મેવાડા બ્રાહ્મણ પંચ દ્વારા સમુહ બ્રહ્મ ભોજન રાખવામાં આવેલ હતુ અને સમસ્ત બ્રહ્મ સમાજે સાથે શિવરાત્રી ના પારણા કર્યા હતા.

**– સુરેશભાઇ એન.જોષી**

## આણંદ જીલ્લાના કલેક્ટર આર.એન.જોષીને એડિશ્નલ સેક્રેટરી તરીકેનો ગ્રેડ અપાયો.

ઉર્જા અને પર્યાવરણ ક્ષેત્રે બેસ્ટ કલેકટરના એવોર્ડ મેળવનાર આણંદ જીલ્લાના કલેકટર આર.એન.જોષીને તેઓએ કરેલી ઉત્તમ કામગીરી બદલ રાજ્ય સરકારે એડીશનલ સેક્રેટરી તરીકેનો ગ્રેડ આપી નવાજતાં આણંદ જીલ્લામાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. આણંદ જીલ્લાને વિકાસની ડેરી પર પાંગરી રહેલા જીલ્લા કલેકટર આર.એન.જોષીને આજે જોગાનુજોગ આણંદ જીલ્લામાં ત્રણ વર્ષ પુરા થઇ રહ્યા છે. ત્યારે તેમની યશકલગીમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું છે.

આ અંગેની મળતી વિગતો અનુસાર આણંદ જીલ્લા કલેકટર તરીકે તા.૮/૩/૨૦૦૭ના રોજ ચાર્જ સંભાળનાર આર.એન.જોષીને જીલ્લા વિકાસના કાર્યો માટે ક્યારેય પાછળ વળીને જોયું નથી. તેઓએ ત્રણ વર્ષમાં આણંદ જીલ્લાને નવી દિશા અને દશા આપી છે. આણંદ જીલ્લાની નગરપાલીકાઓ તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય, શિક્ષણ, ઉર્જા, પર્યાવરણમાં ઉત્તમ કામગીરી કરવા ઉપરાંત લોકજાગૃતિના અનેક કાર્યક્રમો યોજ્યા છે જેના કારણે આણંદ જીલ્લો આજે મોડલ જીલ્લો બનવા તરફ જઇ રહ્યો છે. ગત વર્ષે તેઓએ ઉર્જા અને પર્યાવરણ ક્ષેત્રે જે ઉત્તમ કામગીરી હાથ ધરી હતી તેનાથી પ્રભાવિત થઇને રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ તેઓને શ્રેષ્ઠ કલેકટરનો એવોર્ડ એનાયત કર્યો હતો. ત્યારબાદ તેઓને એડીશનલ સેક્રેટરી તરીકેનો સિલેકશન ગ્રેડ પ્રાપ્ત થયો હતો.

જીલ્લા કલેકટર આર.એન.જોષીએ આ સિધ્ધિને આણંદ જીલ્લાના નાગરિકોની સિધ્ધિ ગણાવી જીલ્લાની પ્રજાનો આભાર માનતા જણાવ્યું હતું કે પ્રજાજનોના સાથ સહકારથી જ હું અનેકવિધ યોજનાઓ સમયસર પૂર્ણ કરીને જીલ્લાને પ્રગતિના પંથે લઇ જઇ રહ્યો છું.

**– મનહર જોષી**

## બ્રહ્મસેના રાજ્ય કમીટીમાં નિમણુંક

બ્રહ્મસેવાના ભેખધારી, સાવજના સાથી, વન્ય સંપત્તિના રખેવાળ. દીવ-દમણનાં દ્રષ્ટા, કૈલાસ માનસરોવર યાત્રી, લેખક પરશુરામ એવોર્ડ વિજેતા (રમેશ રાવલ) દિવ સિંહની વર્ષોની બ્રહ્મસેવાની ફળશ્રુતિ સ્વરૂપે.

બ્રહ્મસેનાના સ્થાપક માનનીય શ્રી ભાવેશભાઇ રાજ્યગુરૂ દ્વારા આપણા વિસ્તારમાંથી રાજ્ય-કમીટીમાં નિયુક્તિ કરી ગૌરવ પ્રદાન કર્યું છે.

જેને ભૂદેવો પ્રેમીઓ. સમસ્ત બ્રહ્મસમાજ-ઉના. દેલવાડા, અગ્રણીઓએ હર્ષોલ્લાસ લાગણીથી વધાવી શુભેચ્છા પાઠવી છે તેમજ આદ્યશક્તિ વિઘ્નહરી રાંદલ પરીવારે શુભેચ્છા પાઠવી છે. તાંજેતરમાં ભાવનગર મુકામે યોજાનાર ત્રણલાખ ભુદેવોની ચોર્યાસીના ૧૦૦૮ બટુકોને યજ્ઞોપવિત, ૧ કરોડ આઠ લાખ ગાયત્રી મંત્ર જાપ તથા પરશુરામ ધામના ભૂમિ પૂંજનમાં રમેશભાઇ રાવલ વિશિષ્ઠ કામ કરી આપણા વિસ્તારનું ગૌરવ વધારે તેવી અપેક્ષા રાખી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૧૯ વર્ષથી ઉનામાં યોજાતા સમુહ લગ્ન, યજ્ઞોપવિતમાં શ્રી રાવલભાઇની વિશિષ્ટ સેવામાં નામ મોખરે રહેવા પામ્યુ છે. જે આપણું ગૌરવ છે.

**–વિજયભાઇ**

## પુસ્તક વિમોચન અને પાટોત્સવ

તા.૩૦/૩/૨૦૧૦ના રોજ આનંદેશ્વર મહાદેવ આર્યકન્યા કંમ્પાઉન્ડમાં, કારેલીબાગ, વડોદરા ખાતે પાટોત્સવ નિમિત્તે પૂજન અર્જન વેદોક્ત વિધિથી કર્યા બાદ ભજન સંગીત ના કાર્યક્રમ સાથે શ્રી નયનેશ ઠાકોર લિખીત શિવ સ્વરૂપ - ભગવાન શ્રી એકલીંગીજી ના પુસ્તકનું વિમોચન ડૉ. સતિષભાઇ કણાંક, ડૉ.વિરંચીભાઇ પંડ્યા, અને ડૉ. ત્રિવેદી જેવા પ્રાધ્યાપકશ્રીઓ સાથે શ્રી ચાણક્ય સેવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ અને વડોદરા જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના મહામંત્રી શ્રી ઇશ્વરભાઇ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રાસંગીક પ્રવચનોમાં મહાનુભાવોએ જણાવ્યું કે લેખકે પુસ્તકમાં ઉંડુ સંશોધન, અધ્યયન કરી અમુલ્ય માહિતી પ્રદાન કરી છે. આ પ્રસંગે ગુજરાતના લેખકો-કવિઓ-નો પરીચય આપતા દળદાર ગ્રંથનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. શ્રી નયનેશભાઇ ઠાકોરે ન્યાયાધિશ તરીકે સેવાઓ આપ્યા બાદ નિવૃત્ત થઇ હાઇકોર્ટની પરવાનગી મેળવી ખુબજમાહિતી પ્રદાન કરતુ પુસ્તક તૈયાર કર્યું છે. આ અંગે ઘણા બધા વ્યક્તિઓ અને પુસ્તકોનો આધાર પ્રાપ્ત કરવા લાંબા સમય સુંધી સતત પ્રવાસ પણ કર્યો છે. સાહિત્યકારો પુસ્તકાલયો અને આધારભુત માહિતી આપનાર સમાજ શ્રેષ્ઠીઓનો રૂબરૂ સંપર્ક કેળવ્યો છે. ખૂબજ પરીશ્રમ લઇ તેઓશ્રીએ સમાજને આવા બે અમુલ્ય પુસ્તકોની ભેટ આપી છે.

શ્રી નયનેશ ઠાકોર ને સાહિત્ય ક્ષેત્રે તેમના આ બહુમુલ્ય પ્રદાન માટે દક્ષ દ્રષ્ટિ પરીવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. તેમજ તેમની આ સંશોધનાત્મક રચનાઓને સમસ્ત બ્રહ્મ સમાજ વાંચે, વિચારે અને બ્રાહ્મણોનો ભવ્ય ભુતકાળ દિપાવે એવી શુભ ભાવના.

પ્રસંગના અંતે સૌ એ સંગીત અને ભજન નો કાર્યક્રમ ભાવ પૂર્વક માણી બ્રહ્મ ભોજનનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

ઉપરોક્ત પ્રસંગે દક્ષ દ્રષ્ટિ પરીવારના શ્રી પ્રવિણભાઇ પંડ્યા હાજર રહી સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.

**– દક્ષ દ્રષ્ટિ**

## શ્રી નથ્થુ તુલસી ઔદિચ્ય બ્રહ્મ સમાજ રાજકોટના હોદ્દેદારો

| | |
|---|---|
| પ્રમુખ | : હસમુખભાઈ ભટ્ટ |
| ઉપપ્રમુખ | : પ્રફુલભાઈ જોષી |
| ઉપપ્રમુખ | : યોગેશકુમાર વ્યાસ |
| મહામંત્રી | : જગદીશચંદ્ર ઉપાધ્યાય |
| સહમંત્રી | : જમનભાઈ ભટ્ટ |
| ખજાનચી | : દિપકકુમાર જોષી |

ઉપરોક્ત સમાજનો ૧૭મો ઇનામ વિતરણ સમારોહ દબદબાભેર ઉજવાઈ ગયો.

–મનહર જોષી

## કચ્છ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ ના હોદ્દેદારો

| | |
|---|---|
| પ્રમુખ | : પ્રકાશભાઈ કે. જોષી |
| મહામંત્રી | : રમેશભાઈ કે.વ્યાસ |
| ખજાનચી | : ગીરીશભાઈ ગોર |
| મહિલા પાંખ પ્રમુખ | : દર્શનાબેન ડી.જોષી |
| મંત્રી | : શારદાબેન જે.વ્યાસ |
| ખજાનચી | : મીનાબેન ઝેડ.દવે |
| યુવા પાંખ પ્રમુખ | : કમલેશ એલ.જોષી |
| મંત્રી | : હીરેન આર.વ્યાસ |

–મનહર જોષી

## સિખવાલ બ્રાહ્મણ યુવા સંગઠન નડીઆદના હોદ્દેદારો (રાજસ્થાની)

| | |
|---|---|
| અધ્યક્ષ | : દિનેશભાઈ વ્યાસ |
| ઉપાધ્યક્ષ | : ગોપાલભાઈ પંડ્યા |
| મંત્રી | : પ્રકાશભાઈ ઉપાધ્યાય |
| સહમંત્રી | : બાલુરામ પુરોહિત |
| કોષાધ્યક્ષ | : રમેશભાઈ વ્યાસ |

કારોબારી સભ્યો : ગોપાલ ઉપાધ્યાય, ગોપાલ વ્યાસ, જગદીશ ઓઝા, કનૈયાલાલ વ્યાસ, સત્યનારાયણ પંડ્યા, સુરેશ વ્યાસ, શ્યામલાલ પુરોહિત, સુનિલ જોષી, મહેન્દ્ર વ્યાસ, વિનોદ ઓઝા.

–મનહર જોષી

# પોતાની પ્રતિભા થકી વિશ્વભરમાં બ્રહ્મસમાજને ગૌરવ પ્રદાન કરનાર સિંહના સાથી

## શ્રી રમેશભાઈ રાવલ

તા.૨૧/૩/૨૦૧૦ના રોજ બ્રહ્મસેના આયોજીત રાજયકક્ષાના પ્રતિનીધિઓની બેઠકમાં બ્રહ્મ સમાજ માટે રત્નસમા અને પ્રકૃતિ, પ્રાણી, પર્યાવરણ પ્રેમી અને વિશિષ્ટ પ્રતિભા થકી વિશ્વભરમાં બ્રહ્મ સમાજને ગૌરવ પ્રદાન કરનાર શ્રી રમેશભાઈ રાવલ સાથે સંપર્ક કેળવાયો તેમના જીવન અને પ્રવૃત્તિ વિશે નજીકથી જોયા અને જાણ્યા બાદ અવિસ્મરણીય અનુભવ થયો.

વધુમાં રમેશભાઈ રાવલ એટલે જન્મે શુધ્ધ ભૂદેવ, આજીવીકાએ શિક્ષક, વતન ઝાલાવાડ, હાલ દિવમાં શિક્ષક એટલે જ સાવજના સાથી રમેશભાઈ રાવલ. આજીવન સિંહને સમર્પિત કર્યું છે અને પર્યાવરણનો તો પર્યાય જ માનવો. વન્યસંપત્તિની રખેવાળીમાં વગડાનો વણઝારો પણ ખરોજ દિવની જનતા તેને દિવનું ઘરેણું માને છે. ખુદ નરેન્દ્ર મોદી પણ કહે છે કે, ગીરમાં ઘણા સિંહ ખરા પરંતુ એક સિંહ દિવમાં છે. ઇ.સ.૧૯૭૨માં બસમાં સિંહને જોયો ત્યારથી સિંહ માટે કંઇક કરી છૂટવાની હામ ભીડી. ઇ.સ.૧૯૮૦થી સતત સિંહ આસપાસ જ જીવન જીવવું. ૧૯૯૨માં વનરાજ ઉપર સાહિત્ય શરૂ કર્યું તે ઘણું સાહિત્ય પ્રગટ કર્યું. (સિંહ ચાલીસા વગેરે) ઘણા પ્રવચનો ગુજરાતભરમાં આપ્યા અને ગુજરાતભરમાં સિંહના વિવિધ હાકલા-પડકારાનું ડેમોસ્ટ્રેશન આપતા રહ્યા. જંગલમાં જઈને સિંહને તેની ભાષામાં બોલાવે એટલે સિંહ આવે જ. સિંહના જીવનના જુદા-જુદા અવાજો હુબહુ કાઢે છે. તે માણવા લાયક પણ ખરા લગભગ બધા અખબારો, ટી.વી ચેનલો પર રમેશભાઈ રાવલ આવી ગયા છે. તેમ કરતા ૧૯૯૪માં "માનવ વન્ય સંરક્ષક" તરીકે નિયુક્તિ મળી ને રમેશભાઈને સિંહનો તલસ્પર્શી અભ્યાસ કરવાની લગની લાગી ગઈ. સિંહો વિશેની રસપ્રદ રોમાંચક માહિતી તેમના પુસ્તક સિંહ જીવન દર્શન માં સવિસ્તાર આપી છે. સિંહો માટે ની એમની અપાર મમતા થકી ડાલામથ્થાની દોસ્તી રમેશરાવલ નિભાવી જાણે છે. આ સાવજનો સાથી માત્ર લાકડી લઈને સિંહણના બચ્ચા સાથે ફરતો દ્રષ્ટિગોચર થાય. દીવ મુક્તિદીન ની પૂર્વ સંધ્યાએ રમેશભાઈ રાવલ પાછળ એક સિંહણ બે બચ્ચા સાથે દીવની મહેમાન પણ બની હતી. રમેશભાઈ કહે છે કે, સિંહને છંછેડવામાં ન આવે તો તે માણસ પર કદી હુમલો કરતો નથી. રમેશભાઈ એ જીવનનનો મોટા ભાગનો સમય જંગલોમાં વિતાવ્યો છે. સતત સિંહ વિશે વાતો કરતા રમેશભાઈ એ અનેક લેખો ઉપરાંત સિંહ વિશેના રેડીયો તેમજ ટી.વી. કાર્યક્રમો આપેલ છે. એક શિક્ષક તરીકેની પોતાની ફરજ બજાવતા રહી સિંહ વિશે આકાશવાણી પરથી વાર્તાલાપો આપ્યા છે. અને અખબારોમાં પણ તેઓ અવાર નવાર લખતા રહ્યા છે.

રમેશભાઈ રાવલ સિંહને શ્રદ્ધાંજલીઓ પણ મૌલિક રીતે આપે અને સિંહના અવસાન બાદ મનુષ્ય પાછળ કરાવવામાં આવતી ઉત્તરક્રિયાનું પણ આયોજન કરે અને સિંહ આપત્તિ નિવારણ યજ્ઞ પણ કરે. ગીર બચાવો-સિંહ બચાવો નું સુત્ર ગુજરાતમાં પ્રસારીત કરી આ એકલવીર નરબંકાએ ૫૦,૦૦૦ વૃક્ષો પણ ઉછેર્યા છે. અને પોતાના જન્મદિનને વૃક્ષોત્સવ તરીકે ઉજવતા રહ્યા છે. તેઓના પર્યાવરણ પ્રેમ અને સિંહો વિશેની માહિતી એકત્ર કરીને જનતા ને ઉપલબ્ધ કરાવવા બદલ અનેક ગણમાન્ય સંસ્થાઓએ તેમને સન્માન્યા છે અને તેમનું બહુમાન પણ કર્યું છે.

જેમને પૂજ્ય મોરારીબાપુ આદિગુરૂ શંકરાચાર્ય તેમજ અનેક સંતો મહંતો ના આશિર્વાદ અને સાનિધ્ય પણ પ્રાપ્ત થયું છે. તેવા રમેશભાઈ રાવલ ના જીવન વિશે એટલું જ કહેવાય કે

કોઈ કહે સૌરાષ્ટ્રનો સિંહ, કોઈ કહે સાવજનો સથવારો,



કોઈ કહે પર્યાવરણ ઘેલો, કોઈ કહે સિંહ ઘેલો,
કોઈ કહે સિંહ પરીવારનો સભ્ય, કોઈ કહે ગીરનો ગાંડો,
કોઈ કહે કોહીનૂર હીરો, પણ એ તો છે બ્રહ્મસમાજનો
સાચો સિંહ ...... દીવનો રમેશ રાવલ.

**મનોજ જોષી (દક્ષ દ્રષ્ટિ)**



સિંહ પર તૈયાર થયેલ સિંહ ચાલીસા, ઓડીયો-વિડીયો સી.ડી.નું વિમોચન કરતા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે સાવજના સાથી શ્રી રમેશભાઈ રાવલ અને સિંહચાલીસાના રચઈતા શ્રી ડૉ. નરેન્દ્ર રાવલ સાથે વર્ષાબેન દોશી અને દેવ્યાનીબેન રાવલ દ્રષ્ટિગોચર થાય છે.





સહ કુટુંબ, મિત્ર વર્તુળ કે કંપનીના સદસ્યો સાથે લગ્ન પ્રસંગ, કોન્ફરન્સ, પાર્ટી કે રાત્રી રોકાણ માટે કુદરતી વાતાવરણ અને પ્રાકૃતિક સૌંદર્ય ના સાનિધ્યમાં પ્રસંગને અનોખા અનુભવ સાથે યાદગાર બનાવતુ એકમાત્ર

**સ્થળ : લીલી રીસોર્ટ.**

ઈડર - સાબરકાંઠા - ગુજરાત

**-: સુવિધાઓ :-**

(૧) એસી નોન એસી રૂમ્સ (૨) વેજ રેસ્ટોરેન્ટ (૩) હેલ્થ ક્લબ (૪) ઈન્ડોર ગેમ્સ (૫) સ્વીમીંગ પુલ (૬) ૨૫૦૦૦ ફૂટનો પાર્ટીપ્લોટ (૭) કોન્ફરન્સ રૂમ

**આપનું આતીથ્ય એજ અમારો આનંદ**
**લીલી રીસોર્ટમાં બુકીંગ માટે સંપર્ક**

દિનેશભાઈ યાજ્ઞિક - મુંબઈ : ૯૩૨૨૬૬૬૭૦૯
લીલી હોટલ - હિતેષભાઈ : ૦૯૮૨૫૦૮૪૭૭૦
લીલી રીસોર્ટ - હોટલ - ૦૨૭૭૮૬૫૪૯૯૯.
દક્ષ કન્સલ્ટન્સી - ૯૮૨૫૪૪૯૫૦૫, (ઓ) ૦૨૬૮૨૫૬૪૨૩૨.

*Successfully launched*

CENgres VITRIFIED TILES

PORCELAIN, RUSTIQUE, LG, WOOD, ELEVATION
Double charged vitrified tiles - Full body vitrified tiles in
600 x 600 mm & 1000 x 1000 mm



*Cent Percent tile*
**Century Tiles Ltd.**
AN ISO 9001:2000 CIRTIFIED COMPANY
Nr.Sabar Dairy,
At : Gadhoda, Talod Road,
Himatnagar-383001. Gujarat.
Phone : 02772 - 226454 / 55 / 56
Fax : 02772 - 226457
E mail : info@centurytiles.com

| અ.નં | રકમ | સંદર્ભ | નામ | ગામ |
|---|---|---|---|---|
| ૧ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી અનિલકુમાર ડાહ્યાલાલ પંડ્યા | મુલુંડ(વેસ્ટ) |
| ૨ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી શ્રીમતી ભાવનાબેન બી.વ્યાસ | અમદાવાદ |
| ૩ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી અરૂણભાઇ ચુનીલાલ પંડ્યા | મોડાસા |
| ૪ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી રમેશભાઇ મગનલાલ પંડ્યા | ધોરાજી |
| ૫ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી સુરેશચંદ્ર ઈશ્વરભાઇ મહેતા | જુનાગઢ |
| ૬ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી દિવ્યેશભાઇ સોમેશ્વર વ્યાસ | રાજુલા |
| ૭ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી ઉપેન્દ્રભાઇ બી જોષી | જેતપુર |
| ૮ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી રમેશભાઇ એસ.વ્યાસ | રાજુલા |
| ૯ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી ગૌતમભાઇ રેવાશંકર દવે | ઉના |
| ૧૦ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી દેવેન્દ્રભાઇ બી.જાની | રાજકોટ |
| ૧૧ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી ઉમાકાન્ત ઈશ્વરભાઇ જાની | માણાવદર |
| ૧૨ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી રશ્મીબેન પી.પંડ્યા | અમદાવાદ |
| ૧૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી વસંતભાઇ પંડ્યા | હિંમતનગર |
| ૧૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી વ્યાસ બીપીનભાઇ ચંદુભાઇ | દાવડા |
| ૧૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પ્રશાંતકુમાર દેવેન્દ્રપ્રસાદ ઠાકર | વડોદરા |
| ૧૬ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જોષી પંકજભાઇ રતિલાલ | જીટોડીયા |
| ૧૭ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી વિનોદભાઇ ઠાકર | અમદાવાદ |
| ૧૮ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી કમળાશંકર આર જોષી | અમદાવાદ |
| ૧૯ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી અનિષભાઇ એચ.ભટ્ટ | નડીઆદ |
| ૨૦ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ગજાનનભાઇ એમ. ભટ્ટ | વલ્લભ વિધ્યાનગર |
| ૨૧ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જગદીશચંદ્ર શાંતિલાલ ઠાકર | મહેમદાવાદ |
| ૨૨ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી રમેશભાઇ જયંતિલાલ દવે | મહુવા |
| ૨૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી હરકિશનભાઇ એસ.વ્યાસ | તળાજા |
| ૨૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી રમેશચંદ્ર વી. પંડ્યા | ભાવનગર |
| ૨૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ચંદ્રેશભાઇ બી. જાની | ધોળકા |
| ૨૬ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી સુરેશભાઇ એમ. પંડ્યા | ધંધુકા |
| ૨૭ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી મહેશભાઇ વી. ત્રિવેદી | મહુવા |
| ૨૮ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી રમણીકભાઇ એલ.જાની | તળાજા |
| ૨૯ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી દક્ષેશભાઇ વી.દવે | સામઢીયાળા |
| ૩૦ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પૂર્વેશભાઇ પી. મહેતા | વીરપુર |
| ૩૧ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી યજ્ઞેશભાઇ એચ. જાની | જામનગર |
| ૩૨ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી કેશવભાઇ વી.ભટ્ટ | જામનગર |
| ૩૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી દત્તુભાઇ કે. જોષી | જામનગર |
| ૩૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી અશોકભાઇ એલ.રાવલ | ખંભાળીયા |
| ૩૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી દિનેશભાઇ વિઠ્ઠલદાસ પંડ્યા | જુનાગઢ |
| ૩૬ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી દિવ્યેશભાઇ ટી. જાની | ગઢડા |
| ૩૭ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી આશિષભાઇ વી.રાવલ | ગોંડલ |
| ૩૮ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી અમરીશભાઇ એલ.ભટ્ટ | નડીઆદ |

**બ્રહ્માણાં જંગમમ્ તિર્થમ્, ત્રિસુ લોકેસુ ગીયતે ।**
**તેષા વાક્યો દ્દૈકૈવ, શુધ્યંતીં મલિનો જના ॥**

બ્રાહ્મણો બ્રહ્મના મુખ સમાન ચારે વર્ણમાં સર્વોપરી સ્થાન પામેલ વર્ણ છે. પરમાત્માએ જ્યારે સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે વિરાટ પુરૂષના મુખમાંથી બ્રાહ્મણોનું સર્જન કર્યું, પોતાના બાહુમાંથી ક્ષત્રિયોનું સર્જન કર્યું. ઉદરમાંથી વૈશ્યોનું સર્જન કર્યું. અને ચરણમાંથી શુદ્રોનું સર્જન કર્યું. અને વર્ણાશ્રમની રચના કરી ત્યારે દરેક વર્ણને સમાજની અલગ અલગ જવાબદારી સોંપી. તેમાં બ્રાહ્મણોને સમાજનું શૈક્ષણિક કાર્ય તથા યજ્ઞ કરવા - કરાવવા દાન લેવું - આપવું, વિદ્યા ભણવી - ભણાવવી, આમ બ્રાહ્મણને સર્વોપરી બનાવ્યા અને કેટલાક અધિકાર પણ આપ્યા. જેમાં ભૂદેવ (ભૂમી ઉપરના દેવનું બહુમાન પણ આપ્યું)

ભૂદેવ તરીકેનું ઉત્કૃષ્ટ જીવન જીવી, વ્રત, જપ, તપ, સ્વાધ્યાય, યજ્ઞ, દયા - દાન આદિ દ્વારા ઉત્પન્ન થયેલ પુણ્યના બળે આશિર્વાદ વરદાન આપવાની ક્ષમતા પણ પરમાત્માની જ દેન છે. આ દેનનો સદ્ઉપયોગ કરી ભૂદેવોએ સમાજને સાચા માર્ગે લઇ જવાની જવાબદારી ઉપાડવી જ પડશે. કારણ કે, "બ્રાહ્મણો વર્ણાનામ્ ગુરૂ" (બ્રાહ્મણ ત્રણે વર્ણનો ગુરૂ છે) બ્રાહ્મણ એ તો હરતુ ફરતુ તીર્થ છે. ત્રણે લોકમાં જેની યશગાથા ગવાય છે તેવા ભૂદેવોના વાક્યો (વિદ્યા) રૂપી અમૃતથી મલિનમાં મલિન વ્યક્તિ, સમાજ અને દેશ શુધ્ધ થાય છે. તેઓ ઉપરના શ્લોકનો અનુવાદ થાય.

તો ભૂદેવો પોતાની શક્તિને જાણે, સમજે અને સમાજને ઉન્નત કરવાની પોતાની પરમાત્મા દ્વારા સોંપાયેલી જવાબદારી ઉપાડે તેવી સર્વ ભૂદેવોના ચરણમાં પ્રાર્થના

**– શાસ્ત્રી પ્રફુલભાઇ**

## " દક્ષ દ્રષ્ટી " મેળવવા અને સમાચાર તથા લવાજમ મોકલવાનું સરનામુ

નડીઆદ :-દક્ષ કન્સલ્ટન્સી, ૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ,ગંજબજાર,નડીઆદ-૩૮૭૦૦૧.
ફોન નં.(૦૨૬૮) ૨૫૬૪૨૩૨. (મો) ૯૪૨૮૬ ૪૯૯૪૫
મુંબઇ :- ભૂપેન્દ્રભાઇ બી.આચાર્ય
ફોન નં.૨૮૦૨૧૨૪૨/ ૨૮૦૫૬૭૪૦, (મો)૯૮૨૦૩૩૩૩૫૨.
ભાંડુપ :- શ્રી પંડ્યા સુરેશચંદ્ર ડાહ્યાલાલ
(મુંબઇ - ૭૮) ફોન : ૨૫૯૬૩૦૨૨ (મો) ૯૮૭૦૪૩૩૪૯૯.
ભાયંદર :- શ્રી પંડ્યા સંજયકુમાર રસીકલાલ,થાણા - ૪૦૧૧૦૧.
ફોન : ૩૨૯૧૭૦૭૭ (મો) ૯૩૨૪૪૭૦૦૪૭.
ડોંબીવલી :- શ્રી નિલેશભાઇ શંકરલાલ રાવલ
ફોન:૯૩૨૩૩૧૨૬૫૧,૯૯૨૦૪૮૭૬૪૩,
બોરીવલી:- ઠાકર મુકેશભાઇ ભાનુશંકર ફોન : ૯૩૨૪૫ ૯૨૪૯૯.
અમદાવાદ :- કમલેશભાઇ માણીભાઇ પંડ્યા. ફોન નં.૯૪૨૭૦૨૨૨૩૯.
ખેરાડી :- ડાૅ.ચંદુલાલ શંકરલાલ જોષી ફોન નં. ૨૨૦૩૨૧, ૯૪૨૭૦૪૮૮૦૫.
રૂપાલ :- ચંદુલાલ વલ્લભરામ જોષી. ફોન નં. ૦૨૭૭૨-૨૭૨૧૬૨,
ચોઈલા :- નટુભાઇ ચુનીલાલ પંડ્યા. ફોન :૯૫૨૭૭૯-૨૨૨૩૭૮
મોડાસા :- અતુલભાઇ કેશવલાલ રાવલ. ફોન નં : ૨૪૩૩૧૮. (મો) : ૯૯૭૯૪૧૬૫૬૬
હિંમ્મતનગર :- મહાદેવપ્રસાદ કેશવલાલ જોષી. ફોન :- ૯૨૭૫૦ ૮૧૬૩૨
વડોદરા :- ભટ્ટ મુકેશભાઇ મધુસુદનભાઇ ફોન :(રહે) ૨૪૯૨૬૭૭(મો): ૯૪૨૬૯૬૨૫૨
ગાંધીનગર :- મનુપ્રસાદ એલ. જોષી. ફોન : ૨૩૨૪૮૦૬૧ (મો): ૯૮૨૪૦ ૦૬૭૪૮.
દાહોદ : બદ્રીપ્રસાદ જે.શર્મા. ફોન : ૯૯૨૫૫ ૦૨૦૨૪
ગોધરા : મહેશભાઇ ભાનુભાઇ મહેતા. ફોન : ૯૪૨૮૦ ૧૨૯૦૮, ૯૮૨૫૩ ૩૧૪૩૩
ગોધરા : ભાનુભાઇ શીવશંકર મહેતા. ફોન : ૯૪૨૮૦ ૧૨૯૦૮, ૯૮૨૫૩ ૩૧૪૩૩

**આપનું લવાજમ ભરવા માટે લવાજમની રકમનો ચેક દક્ષ કન્સલ્ટન્સી નામથી લખી નીચેના સરનામે કુરીયર અથવા પોસ્ટથી મોકલી આપવા વિનંતી.**

**દક્ષ કન્સલ્ટન્સી,**
**૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ,ગંજબજાર,**
**નડીઆદ-૩૮૭૦૦૧.**
**ફોન નં.(૦૨૬૮) ૨૫૬૪૨૩૨. (મો) ૯૮૨૫૪ ૪૯૫૦૫.**
Email : daksh_drasti@rediffmail.com
Email : dakshconsultancyape@yahoo.co.in

**આજીવન લવાજમ રૂા.૫૦૧/-**
**વાર્ષિક લવાજમ રૂા.૧૦૧/-**




તથા તમામ અગ્રણી પુસ્તક વિક્રેતાઓને ત્યાં ઉપલબ્ધ

જીવનમાં પરિસ્થિતિઓનો મજબુત મનોબળથી સામનો કરી પ્રત્યેક નિર્ણયોમાં સફળતા પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ બતાવતુ પુસ્તક એટલે.
**" જીવન સંદેશ "**

**પુસ્તક મેળવવાનું સ્થળ**

| | | |
|---|---|---|
| દક્ષ કન્સલ્ટન્સી | ગંજબજાર | નડીઆદ |
| ગજાનન પુસ્તકાલય | ટાવર રોડ | સુરત |
| હરીહર પુસ્તકાયલ | ટાવર રોડ | સુરત |
| પરમહંસ સ્ટેશનરી | સંસ્કૃત પાઠશાળાની બાજુમાં | ડાકોર |
| વલ્લભ બુક સ્ટોલ | મેઈન બજાર | ઉમરેઠ |
| સ્વદેશી વસ્તુ ભંડાર | ૪, જેમ્સ પ્લાઝા | આણંદ |
| આશીક બુક સ્ટોલ | જુનુ બસ સ્ટેશન | આણંદ |
| અજય બુક સ્ટોલ | મોટા બજાર | વિદ્યાનગર |
| અરિહંત બુક સ્ટોલ | એસ.ટી.સ્ટેન્ડ | હિંમતનગર |

**" દક્ષ દ્રષ્ટી "નું આજીવન લવાજમ ભરનારને પુસ્તક ભેટ સ્વરૂપે મળશે.**

**વડીલશ્રી, આપનું આજદીન સુધીનું / ચાલુ વર્ષનું લવાજમ બાકી છે તો સત્વરે મોકલી આપવા વિનંતી. (આપનું આજીવન / વાર્ષિક લવાજમ જમા કરેલ છે.)**  **" દક્ષ દ્રષ્ટી "**

# નિઃશુલ્ક સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર મહોત્સવ – લાંભવેલ – આણંદ ખાતે સંપન્ન થયો.



ઉપરોક્ત તસવીરમાં પ્રસંગના મુખ્ય યજમાન શ્રી પ્રદિપભાઇ અંબાલાલ પંડ્યા તેમના ધર્મપત્નિ અ.સૌ. રંજનબેન પ્રદિપભાઇ પંડ્યા તેમજ લાભાર્થી બટુકોને આશીર્વાદ આપી રહેલ નડીઆદ માઇમંદિરના મહંત શ્રી માઇ જગદ્‌ગુરૂ ૧૦૦૮ શ્રી ભગવતી કેશવભવાની મહારાજ અને કરમસદ સંતરામ મંદિરના અવધૂત શ્રી મોરારીદાસ મહારાજ સાથે યજ્ઞોપવિત ધારત કરી બ્રહ્મ સંસ્કાર દિક્ષા લેનાર લાભાર્થી બટુકો સાથે આણંદ બ્રહ્મ સમાજના અગ્રણી શ્રી સુમંતભાઇ ગોર દ્રષ્ટિગોચર થાય છે.

આઇશ્રી ખોડીયાર માતાજીના મંદિરે, લાંભવેલ, આણંદ ખાતે તા. ૩૧/૩/૨૦૧૦ને મંગળવારે ૨૭ નક્ષત્ર સમા ૨૭ બટુકોને સમુહમાં યજ્ઞોપવિત સંસ્કાર સોજીત્રાના વેદજ્ઞ વિદ્વાન આચાર્ય શ્રી શાસ્ત્રી શ્રી ગોવિંદભાઇ નટવરલાલ ત્રિવેદી દ્વારા વેદોક્ત વિધિથી આપવામાં આવ્યા. આ પ્રસંગના યજમાન શ્રી પ્રદિપકુમાર અંબાલાલ પંડ્યા (થામણાવાળા) અને તેમના ધર્મપત્નિ અ.સૌ.શ્રીમતી રંજનબેન પ્રદિપકુમાર પંડ્યા આણંદ નિવાસી તરફથી નિઃશુલ્ક યજ્ઞોપવિત આપવામાં આવ્યો છે. બ્રાહ્મણ બાળકોને ઉપનયન (જનોઇ) સંસ્કાર આપવાથી તેદ્વિજ બને છે. અને વેદોનો અભ્યાસ કરવાપાત્ર બને છે.

શ્રી માઇ જગદ્‌ગુરૂ ૧૦૦૮ શ્રી ભગવતી કેશવભવાની મહારાજ માઇમંદિર, નડીઆદ-૨ અને અવધૂત શ્રી મોરારીદાસ મહારાજ શ્રી સંતરામ મંદિર કરમસદ થી પધાર્યા હતા. બંન્ને મહાનુભાવોએ બટુકોને આ સંસ્કાર દિક્ષાનું મહત્વ, ધર્મકાર્ય સમજાવ્યું અને આશીર્વચન આપ્યા હતા.

સમગ્ર મહોત્સવ ના આયોજકોમાં શ્રીમાન મણીકાન્ત ગૌરીશંકર ત્રિવેદી, બિપીનભાઇ પંડ્યા, નવનીતભાઇ દિક્ષિત, રજનીકાંન્ત ચુનીલાલ ગોર, વિજયકુમાર મ.પંડ્યા, આર.પી.દવે, એચ.એન.ત્રિવેદી, સુમનભાઇ ગોર, વાસુદેવ વેણીશંકર રાજગોર, ડૉ. ઉમેશભાઇ બી.ત્રિવેદી, અને અ.સૌ.બ્રાહ્મણ યુવક મંડળ - બોરસદ, શ્રી અરૂણભાઇ દિનકરરાય ત્રિવેદી વગેરે એ ખૂબજ જહેમત ઉઠાવી પ્રસંગને સુંદર રીતે દિપાવ્યો હતો. આ પ્રસંગે બટુકોને વિવિધ ભેટો પણ આપવામાં આવી. તેમાં દક્ષ દ્રષ્ટિ તરફથી શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામની પુસ્તિકા, દક્ષ દ્રષ્ટિનો અંક અને ગાયત્રી મંડળ વસો વતી ગાયત્રી જપ યજ્ઞ વિધિ પુસ્તક શ્રી પ્રવિણભાઇ પંડ્યા હસ્તે દરેક બટુકો ને સપ્રેમ ભેટ આપવામાં આપવામાં આવ્યા હતા. આયોજકો તરફથી દરેક બટુકને સ્ટીલનો લોટો, ભીક્ષામાં મગસ અને રૂા.૧૧/- દક્ષિણા આપવામાં આવી હતી. આચાર્ય શ્રી એ આશીર્વચન આપ્યા તેમજ સન્માન પત્ર પણ આપી બ્રાહ્મણ ધર્મ -કર્મ, તપ, તેજ અને ત્યાગનું મહત્વ જીવનમાં અપનાવવાનો અનુરોધ કર્યો. શ્રી સુમનભાઇ ગોરે પોતાના પ્રવચનમાં કહ્યું કે બ્રાહ્મણ એ દેશનો ધર્મપ્રાણ, સંસ્કૃતિ સંરક્ષણ અને સંવર્ધન કરવામાં પછો પડે નહિ સમગ્ર જગતને જીવનની અનુપમ દ્રષ્ટિ બ્રાહ્મણ જ આપી શકે જેથી જુના વિચારોમાં પરીવર્તન લાવવું પડશે. સંકુચિત વિચારસરણી દૂર કરી સમાજહિત સંગઠન અને સામાજીક, આર્થિક ક્ષેત્રે બ્રાહ્મણે આગળ વધવું પડશે. અને આમ કરવા યુવાનો અને સમાજ શ્રેષ્ઠીઓએ કમર કસવી પડશે.

પ્રસંગનું સભા સંચાલન વિનોદભાઇ આર. જોષીએ સફળ રીતે કરી સૌનો પ્રેમ સંપાદન કરી આશિર્વચન પાઠવ્યા હતા.

ઉપરોક્ત પ્રસંગે દક્ષ દ્રષ્ટિ પરીવારને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. જેમાં દક્ષ દ્રષ્ટિ પરીવારના વડીલ શ્રી બાબુભાઇ જોષી, પ્રવિણભાઇ પંડ્યા અને દેવદત્તભાઇ વ્યાસ હાજર રહી સૌ લાભાર્થીઓને આશિર્વચન પાઠવ્યા હતા. અને આયોજકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

**– દક્ષ દ્રષ્ટિ**

## સત્ય , સત્વ, તત્વ દર્શન

(૧) માનવ ચિત્તમાં વાસના નો રોગ છે. વાસના વગરના ચિત્તમાં જન્મ મરણ થતા નથી.

(૨) સૂર્યના કિરણો જોઇને મનથી ઋતુઓ, મહિનાઓ, દિવસોની કલ્પના કરવામાં આવે છે.

(૩) સંકલ્પોની સમાનતા ને લઇને કાળ સમયની સમાનતા થાય છે. સબંધ વિસરાય છે.

(૪) માનવ દેહનો અધ્યાસ છોડવાથી જ બ્રહ્મ સ્વરૂપ થવાય ત્યારે જન્મ-લગ્ન-મરણથી મુક્ત થવાય.

(૫) કાળનો સમયનો આધાર જ સબંધ છે. સબંધ થી મોહ, લોભ, રાગ, દ્રેષ વિગેરે જન્મે છે.

(૬) સંસ્કારથી ક્ષણનું જ્ઞાન થાય છે. અજ્ઞાન-અવિદ્યાથી કલ્પનું જ્ઞાન થાય છે. દુઃખીને ક્ષણ કલ્પ જેટલી અને સુખીને ક્ષણ કલ્પ જેવી લાગે છે. માટે સદા આનંદમાં રહેવું.

(૭) કાળ સમય ઉત્પન્ન કરવા જગ્યા જોઇએ. જગ્યા ઉત્પન્ન કરવા દેહાધ્યાસ જોઇએ.

(૮) ગરમી ઠંડી દરેક જગ્યાએ એક સરખી હોતી નથી. તેમ કાળ પણ એક સરખો હોતો નથી.

(૯) દ્રષ્ટિમાંથી જ કાળ અને સૃષ્ટિનું સર્જન થાય છે. દ્રષ્ટિ પ્રમાણે વિષમ સત્તા બને છે.

(૧૦) સૃષ્ટિ પ્રતિભાસ માત્ર છે. તે ક્ષણ અને કલ્પ પણ આભાસ માત્ર છે. તેમાં ભ્રાંતિ ઉપજે છે.

(૧૧) નવો કાળ અને નવો દેશ સંકલ્પ પ્રમાણે ઉત્પન્ન થાય છે. તેથી સદા શુભ સંકલ્પ જ કરવો.

(૧૨) માણસ જન્મ્યો ત્યારે તેને ખબર ન હતી કે પોતે માણસ છે. માણસ પણાના દ્રઢ અભ્યાસ થી જ માણસપણુ આવે છે. તેવું જ કાળના દ્રઢ અભ્યાસથી કાળપણુ આવે છે. કાળ એટલે જ સમય.

(૧૩) વાસ્તવિક જ્ઞાનથી દેશ,વેશ અને કાળ ટળી જાય છે. ત્યારે ભુત, ભવિષ્ય કે વર્તમાન નથી હોતો.

(૧૪) કાળ કર્મથી અને સબંધથી ઉત્પન્ન થાય છે. કાળ એ કોઇ વસ્તુનો ધર્મ નથી. જ્ઞાન કરવાથી કાળ ફરે છે. જેમ સ્વપ્નનું જ્ઞાન સ્વપ્ન છે તેમ જાગૃતિનું જ્ઞાન જાગૃત છે.

## ધર્મચેતના

(૧૫) જ્ઞાન કાળ પાછળના ઉત્તર કાળની અપેક્ષાએ જ પૂર્વકાળ કહેવાય છે તેથી તેથી જ બધુ એક જ કાળમાં અને એક જ જગતમાં રહેતુ નથી. કાળ એ તો નદીનો પ્રવાહ છે. પરિવર્તન કે બદલાય છે.

(૧૬) રમત ન હોય તો રમતનો કાળ નથી હોતો તે કર્મ ન હોય તો જીવનનો કાળ હોતો નથી.

(૧૭) માનવ મન લઘુ પદાર્થને દીર્ઘ કરે છે. સત્યમાં અસત્યપણુ કરે છે. શત્રુમાં મિત્રતા કરે છે.

(૧૮) અવિધામાં ક્ષણ કલ્પરૂપ અને કલ્પ ક્ષણરૂપ દેખાય છે. જેથી દુઃખ સુખનો અનુભવ થાય છે.

(૧૯) જ્યારે જીવને દ્વૈતના અભાવનો બોધ થઇ જાય છે ત્યારે જન્મ માટે કોઇ કારણ ન રહેવાથી જન્મ થતો નથી. મિથ્યા અભિનિવેશ જ જીવના જન્મનું કારણ છે. તેવુંજ મરણનું પણ છે.

(૨૦) દેશ,કાળ,ક્રિયા દ્રવ્ય તથા કર્મની શુદ્ધિ અને અશુદ્ધિ આયુષ્યની વધઘટ કરે છે.

(૨૧) શુધ્ધ ચૈતન્યરૂપી ચિત્તાકાશનો આભાસ થાય તેને જ જગત કહેવાય છે. તે વિના બ્રહ્મ છે.

(૨૨) સ્વરૂપમાં જીવ કે જગત ત્રણે કાળમાં નથી. સંકલ્પ જ દેશને કાળ રૂપે પ્રગટે છે.

(૨૩) સૃષ્ટિ મિથ્યા હોવાથી મિથ્યાદ્રષ્ટિથી પ્રારબ્ધ ભોગવીએ છીએ ત્યારે પ્રારબ્ધનો ક્ષય થાય છે. જો સત્ય દ્રષ્ટિ થી પ્રારબ્ધ ભોગવીએ તો કર્તવ્ય બુધ્ધિ ઉત્પન્ન થાય છે. જેથી ક્રિયામણ કર્મ તૈયાર થાય છે. તેનાથી જ જન્મ મરણ આવે છે. તેથી સંકલ્પ રહિત થનારને મુક્તિ મળે છે.

(૨૪) જેને સાચુ જ્ઞાન એકવાર ઉત્પન્ન થયુ તે કદી લુપ્ત થતુ નથી. જ્ઞાનને ટકાવવા સ્વાધ્યાય જરૂરી છે.

(૨૫) અદ્યસ્ત જગત સાકાર નથી. બ્રહ્મ સ્વરૂપ નિરંજન,નિરાકાર, નિર્ગુણ, અવિકારી, અવિનારી, તત્વ છે.

**- પ્રવિણભાઇ પંડ્યા**

સંપાદક, મુદ્રક, પ્રકાશક : જોષી મનોજભાઇ બી. ૨૩ શુભમ સોસાયટી, કોલેજ રોડ, નડીઆદ, જી.ખેડા (ગુજ.) દ્વારા હિમાલી ગ્રાફીક્સ, વછેવાડ , નડીઆદ ખાતે છપાવી ૧૧૮ ઘંટાકર્ણ કોમ્પલેક્ષ ગંજબજાર નડીઆદથી પ્રસિદ્ધકર્યુ.
Editor, Publisher, Printer : Joshi Manojbhai B. 23, Shubham Society, Collage Road, Nadiad Dist : Kheda (Guj.) Printed at Himali Graphics, Vachevad, Nadiad.